# એક નામ – જયપ્રકાશ

ગોવિંદભાઈ રાવલ



GJ 891.478
R 198 E

Library IIAS, Shimla
GJ 891.478 R 198 E
00130418

130418
15-9-2010

GJ
891.478
R 198 E

દસ રૂપિયા

© નવજીવન ટ્રસ્ટ, ૨૦૦૧

પ્રથમ આવૃત્તિ, પ્રત ૨,૦૦૦, નવેમ્બર ૨૦૦૧

ISBN 81-7229-292-4

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

અર્પણ....

જે.પી.ની સંપૂર્ણ ક્રાંતિને
સાકાર કરવાનાં
સ્વપ્નાં સેવતી
યુવા પેઢીને.

# આજ લહરોં મેં નિમંત્રણ

કિશોર વાચકોને, સર્વસાધારણ સુશિક્ષિત નાગરિકોને ગાગરમાં સાગરની જેમ જયપ્રકાશનો પરિચય કરાવી આપવા સારુ ગોવિંદભાઈ રાવલને દિલી મુબારકબાદી ઘટે છે.

મને ૧૯૭૪ના જાન્યુઆરીના એ દિવસો બરાબર યાદ છે. નવનિર્માણના ઉદ્રેકનો એ ગાળો હતો – કંઈક વાસન્તી, કંઈક પૌગણ્ડ. ગુજરાતના તરુણો એમના ખાસ લહેજામાં કહેવા લાગ્યા હતા કે જોઈએ તો જયપ્રકાશને અહીં હાઈજેક કરી લાવો.

મહારાજનો તાર ગયો અને જયપ્રકાશ આવ્યા. પાછળથી એક વાર, અમે 'લોકસ્વરાજ'નો જેપી વિશેષાંક પ્રગટ કરવાનું નક્કી કર્યું ત્યારે ભાઈદાસભાઈ, મંદા અને હું દાદાને એ માટે ખાસ મળવા ગયાં હતાં. એ વખતે અમારા પ્રશ્નના ઉત્તરમાં એમણે કહ્યું કે મેં જયપ્રકાશજીને તેડાવેલા કેમ કે એ સારા માણસ છે એટલે એમનું સાચું સૂઝશે. અને પછી એક વાત એમણે એવી કહી કે અમને સહસા સમજાઈ રહ્યું કે દેશજનતાના દિલમાં જયપ્રકાશની કેવીક અપીલ હશે. દાદા કહે, હું બિહાર ગયો ને ત્યારે ખાસ પેલી જેલ જોવા ગયેલો જ્યાંથી ઊંચી દીવાલ લાંઘીને જયપ્રકાશજી ૧૯૪૨ની ભૂગર્ભ લડતમાં કૂદી પડ્યા હતા.

જનતા પર્વના એ શરૂના દિવસો હશે. શબ્દોને એમનો અર્થ પાછો મળવામાં હોય એવી આશા સાથે દેશે મન મૂકીને લોકનાયકનું અમૃત પર્વ મનાવ્યું હતું. એ વખતે ધ્યાનમાં આવ્યું કે જયપ્રકાશનાં છેલ્લાં વર્ષોથી આકર્ષાયેલા યુવજનો અને નાગરિકોને એમની આજીવન મથામણનો અને વિચારે તેમ પ્રત્યક્ષ કૃતિએ સમ્પન્ન જીવનનો ખાસ ખયાલ નથી. તેથી કાન્તિભાઈ શાહની ખોને વશવરતીને મેં એક નાનીશી પુસ્તિકા યજ્ઞ પ્રકાશન

માટે લખી હતી. ભાઈદાસભાઈએ નામ પણ રૂડું પાડી આપ્યું હતું – 'જયપ્રકાશ જેનું નામ'.

પણ એ વર્ષોમાં થયેલું રાષ્ટ્રીય સ્તરનું ને આંતરરાષ્ટ્રીય બરનું આકર કામ અલબત્ત કાન્તિભાઈ-નારાયણભાઈ સંપાદિત જેપી મહાગ્રંથનું જ હતું જેમાંથી કાલવેલી ઠીક ઠીક સામગ્રી શતાબ્દી વર્ષ નિમિત્તે ત્રણ પુસ્તકોના સંપુટ રૂપે આ દિવસોમાં સુલભ થઈ છે. નારાયણભાઈએ જયપ્રકાશના નિધન પછી લખેલી પરિચય પુસ્તિકા વલ્લભ વિદ્યાનગરથી પુનર્મુદ્રિત થઈ છે, અને હવે ગોવિંદભાઈનું આ કિશોરોપયોગી પ્રકાશન પણ રમતું મુકાય છે : જયપ્રકાશના સમગ્ર પરિચય સારુ એ બંને મજાનાં પ્રવેશદ્વારની ગરજ સારશે.

હવે એક સમયના અંતરે ઊભીને જયપ્રકાશનાં વિચારાંગ અને આચારાંગને જોવા-સમજવા-તપાસવાની યુગસંધિ આવી મળી છે જેમાં આપણે નવેસર, જુદેસર હિસાબ આપવો રહેશે – કહો કે ઉત્તરદાયિત્વ નિભાવવું રહેશે. વચલાં વર્ષોમાં આચાર્ય રામમૂર્તિએ જયપ્રકાશના ઉત્તર પર્વને અનુલક્ષીને તો કુમાર પ્રશાન્તે ઉત્તર પર્વમાં ખોડાઈને પ્રસંગોપાત્ત પીઠઝબકારની રીતે એકંદર જીવનને જોવાની દિશામાં અગ્રયાયી એવા વૈચારિક પ્રયાસસંકેતો આપ્યા છે.

પરિણત જયપ્રકાશનું ભારતવર્ષના સાર્વજનિક જીવનમાં કોઈ મહત્ત્વનું પ્રદાન હોય તો તે આમજનતાના આંદોલન અગર લોકસંઘર્ષનું જે ડાઈનેમિક્સ એમણે જગવી જાણ્યું એમાં રહેલું છે. આ સંઘર્ષ જેમ સામેનાને પડકારે, સાથેનાને ઓર ઉદ્યુક્ત કરે તેમ સાથે સાથે એમાં જોડાયેલા એવા તમે પણ પલટાતા જાઓ. લિબરલ લોકશાહી અને સત્યાગ્રહના સાર્થક સંધાનની ગાંધી પરંપરામાં આર્થિક-સામાજિક-રાજકીય એમ બહુમુખી પરિવર્તનને કારણે અગ્રવર્ગને ન તો મેદ ચડે, ન તો કાટ ચડે. પ્રતિલોમ, રિપીટ, પ્રતિલોમ ગાંધીએ છેડેલ સ્વાતંત્ર્ય ચળવળનું એમાં સ્વતંત્ર ભારતને લાયક શોધન, સંધાન ને પુનઃઆવાહન હતું. ખાસ તો, જયપ્રકાશે આપણા રાષ્ટ્રીય ચેતા-કોશમાં 'સંઘર્ષ'ને દાખલ કરી આપ્યો. કતલ, કાનૂન ને કરુણાની ફરતે ચાલતા વિમર્શને એથી નવી ધાર ને નવો આધાર બંને મળી રહ્યાં છે.

જે મોટું કામ નવી પેઢીની રાહ જોઈ રહ્યું છે તે તરફ એનું ધ્યાન ખેંચવાની દિશામાં જે એક સુચારુ ને સમયસરની સંપ્રાપ્તિ તે 'એક નામ – જયપ્રકાશ'.

નવેમ્બર ૮, ૨૦૦૧ **પ્રકાશ ન. શાહ**

ત્રિવિધ મંત્ર : ત્રિવિધ પ્રકાશ

અંધેરેમેં ત્રિવિધ પ્રકાશ

# ગાંધી-વિનોબા-જયપ્રકાશ

આ ત્રણ મહાપુરુષોની જ્યારે જ્યારે જન્મશતાબ્દી આવી ત્યારે ત્યારે એક શિક્ષકને નાતે મારા વિદ્યાર્થીઓને એમનો પરિચય કરાવવા માટે મેં દરેકનાં જીવનચરિત્રોનો સ્વાધ્યાય કરી, વિદ્યાર્થીઓના બરના એમના જીવનઆલેખ આપવાની કોશિશ કરી છે.

આમ પહેલી પુસ્તિકા 'યુગપુરુષ ગાંધીજી', બીજી પુસ્તિકા 'પાંચ અધ્યાય વિનોબા' અને આજે જે. પી. જન્મશતાબ્દી નિમિત્તે 'એક નામ – જયપ્રકાશ' પ્રગટ થાય છે.

આ ત્રણ મહાપુરુષોએ એમની જીવન સાધનાના અર્કરૂપ ત્રણ શબ્દો આપ્યા છે. ગાંધીજીએ 'સર્વોદય', વિનોબાજીએ 'ગ્રામસ્વરાજ્ય' અને જયપ્રકાશજીએ - 'સંપૂર્ણ ક્રાંતિ'. આ કેવળ શબ્દો નથી, મંત્રો છે.

ભારતીય સંસ્કૃતિ તો ખરી જ પણ સમગ્ર માનવજાતના ચિંતનમાંથી લાધેલ આ ' અર્ક ' છે.

આપણા દેશે, માનવજાતે ક્યારે પણ સુખ, શાંતિ અને સમાધાન જોઈતું હશે તો તે આ ત્રિવિધ મંત્રોના અમલીકરણ દ્વારા જ લાધશે.

આ ત્રણ મહાપુરુષો આજે ભલે વ્યક્તિરૂપે હયાત નથી પણ 'વિચાર' રૂપે તો જીવે જ છે. એમણે આપેલ ત્રિવિધ મંત્ર, એકવીસમી સદીના અંધકારને વિદારવા માટેનો ત્રિવિધ પ્રકાશ છે.

જે. પી.ને જેમનામાં શ્રદ્ધા હતી એ યુવા પેઢીનું કર્તવ્ય છે કે તે આ ત્રિવિધ મંત્રોને સેવી આવતી કાલને ઊજળી બનાવે એવી અભ્યર્થના !

યુવાનો યાદ રાખે :
સંપૂર્ણ ક્રાંતિ અબ નારા હૈ;
ભાવિ ઈતિહાસ તુમ્હારા હૈ !

આ મારું તદ્દન સ્વતંત્ર લેખન છે એમ ન કહેવાય પણ શ્રી કાંતિભાઈ શાહના બૃહદ્ ગ્રંથ –'જયપ્રકાશની જીવનયાત્રા'માંથી કરેલ આચમન છે. એ માટે હું શ્રી કાંતિભાઈનો અત્યંત ઋણી છું.

આ પુસ્તિકાની પ્રસ્તાવના લખી આપનાર શ્રી પ્રકાશ ન. શાહનો હું ખાસ આભારી છું. અને એ જ રીતે આ પુસ્તિકાની તાતી જરૂરને પારખી તેનું સવેળા પ્રકાશન કરનાર નવજીવન અને તેના મુદ્રક-પ્રકાશક શ્રી જિતેન્દ્ર દેસાઈનો પણ આભારી છું.

– ગોવિંદભાઈ રાવલ

# એક નામ – જયપ્રકાશ

એક છોકરો. નામ બઉલ. બઉલ એટલે બોખો. આ તો હુલામણું નામ. અસલ નામ જયપ્રકાશ, જયપ્રકાશ નારાયણ. જન્મ ૧૧મી ઑક્ટોબર ૧૯૦૨, વિજયાદશમી. ગામ સિતાબદિયારા (બિહાર), માતાનું નામ ફૂલરાણી, પિતાનું નામ હરસુદયાલ. કાયસ્થ કુટુંબ.

બઉલને ખેલકૂદનો બિલકુલ શોખ નહીં. પિતા કહે, "આ તો બુદ્ધો બાળક છે." પણ બહેન ચંદ્રકળા ભાઈને બરાબર પારખી ચૂકેલી. તે કહે, "બઉલ ભૈયા જાણી જોઈને રમતાં હારી જતા કે જેથી અમે જીતીને રાજી થઈએ." જાતે હારીને બીજાને જીતનો આનંદ આપવાની રીત એમણે જીવનભર જાળવી રાખી.

બાળપણમાં ઘોડીએ ચડ્યા, પડ્યા. નોકરો ઘોડીને ઝૂડવા લાગ્યા તો પોકારી ઊઠ્યા, "મત મારો, મત મારો બેચારી કો!" આવા ઊર્મિલ, સંવેદનશીલ.

રમવામાં 'ઢ', પણ ભણવામાં ભારે તેજસ્વી. એમની હોંશિયારી

જોઈ શિક્ષકો કહેતા, ''આ છોકરો આગળ જતાં નામ કાઢશે.'' હિંદી, અંગ્રેજી, સંસ્કૃત એમ ત્રણે ભાષાઓ ઉપર સારું પ્રભુત્વ. 'બિહારમાં હિંદીની સ્થિતિ' વિષય પરની નિબંધ હરીફાઈમાં આખા બિહારમાં પ્રથમ આવેલા.

સ્વાભાવિક રુચિ સાહિત્યમાં પણ એમને એમ લાગેલું કે આપણે વિજ્ઞાનમાં પાછળ છીએ માટે દેશ ગુલામ અને ગરીબ છે. તો મારે વિજ્ઞાન શાખામાં ભણવું.

આમ સાહિત્ય અને વિજ્ઞાન બંનેના સુભગ સમન્વયથી વિચારાત્મક અને વિશ્લેષણાત્મક એવું એમના વ્યક્તિત્વનું પોત બંધાયું. એમાં વળી આગળ જતાં સમાજવિજ્ઞાનની ત્રીજી સેર પણ ભળી. જેથી એમનું જીવન ત્રિવેણીસંગમ બની રહ્યું.

એક છોકરો એમનાં પુસ્તક ચોરી ગયો. પણ સ્વભાવ સંકોચશીલ. ફરિયાદ ન કરી. બીજા છોકરાના કહેવાથી હેડમાસ્તરે પુસ્તક ચોરનારને ઠપકો આપી પુસ્તકો પાછાં અપાવ્યાં. બધાંની વચમાં એ છોકરાને ભોંઠપ અનુભવવી પડી તેથી દુ:ખી થઈ, અંગત રીતે એ છોકરાને મળી, તેની સામેથી માફી માગી. આવા હતા જયપ્રકાશ. ઋજુતા, કોમળતા અને સંવેદનશીલતાનો જ જાણે અવતાર.

તે કાળે દેશમાં સ્વરાજનું આંદોલન પુરજોશમાં ચાલતું હતું. વિદ્યાર્થી જયપ્રકાશ એનાથી અળગા શી રીતે રહી શકે? એમને પણ ક્રાંતિનો વીંછુડો કરડી ગયો. ઈન્ટર સાયન્સમાં હતા. કૉલેજ છોડી. અંગ્રેજોનું, ગુલામીનું શિક્ષણ ન ખપે. પણ જ્ઞાનપિપાસા ભારે એટલે ૨૦ વર્ષના જયપ્રકાશ અમેરિકા ભણવા ઊપડી ગયા.

પૈસાની ખેંચને કારણે ત્યાં ભણવામાં ઘણી મુશ્કેલીઓ વેઠી. એમણે એક અમેરિકન મિત્રને લખેલું, ''મારી જુવાનીનો ઉત્તમ

સમય – સાત વરસ મેં તમારા મહાન દેશમાં ગાળ્યાં છે. માત્ર તમારી યુનિવર્સિટીઓમાંથી જ નહીં પણ તમારાં કારખાનાં અને ખેતરોમાંથીએ ઘણું ઘણું શીખ્યો છું.''

તે કહેતા, માર્ક્સવાદ અને ગાંધીવાદના માત્ર પુસ્તકિયા જ્ઞાનથી મને જે ન-મળત તે મને જાતમહેનતનાં કામ કરવાથી મળ્યું. એક નવી જીવનદૃષ્ટિ મળી. આથી માનવમાત્રની સમાનતા, શ્રમનું ગૌરવ, પ્રતિષ્ઠા એ મારે માટે નકરા શબ્દો ન રહ્યા, સાક્ષાત્ અનુભૂતિની ચીજ બની ગઈ.

વિધિની કેવી વિચિત્રતા! મૂડીવાદી લોકશાહી દેશ અમેરિકામાં ભણતાં ભણતાં એ માર્ક્સવાદી બની ગયા. સમાજવિજ્ઞાનનું એમનું અધ્યયન એમને માર્ક્સની વિચારધારાથી ભારે પ્રભાવિત કરી ગયું. રશિયામાં આ ગાળામાં લેનિને કરેલી ક્રાંતિની જે વાતો એમણે વાંચી અને સાંભળી એથી એ ઘણા મોહિત થયા. આમ છતાં પણ ભારત આવીને તે સામ્યવાદીઓ સાથે ન જોડાતાં પંડિત નેહરુના નિમંત્રણથી કૉંગ્રેસમાં જોડાયા. કારણ એમને મન દેશની આઝાદી એ સૌથી અગ્રિમ ચીજ હતી. એમણે જોયું કે સામ્યવાદીઓ તો દેશની આઝાદીની ચળવળ ચલાવનારને 'બુઝ્ર્વા' ગણી તેમનાથી વેગળા રહી રશિયાના નચાવ્યા નાચતા હતા.

પણ માર્ક્સવાદે એમના મનનો બરાબર કબજો લીધો હતો એટલે એમણે કૉંગ્રેસમાં જ સમાજવાદી પાંખ ઊભી કરી. જેમાંથી આગળ જતાં અલગ એવો સમાજવાદી પક્ષ બન્યો.

૧૯૩૨માં કૉંગ્રેસના બધા જ નેતા જેલ ભેગા થયા ત્યારે જયપ્રકાશજી ભૂગર્ભમાં રહી આંદોલનને બળ પૂરી રહ્યા હતા પણ એમની પણ મદ્રાસમાંથી ધરપકડ થઈ. આ એમની પ્રથમ જેલયાત્રા હતી. ત્યારે 'ફ્રી પ્રેસ જર્નલ' નામના દૈનિકે મથાળું બાંધ્યું –

'કૉંગ્રેસનું ભેજું જેલ ભેગું'. આ બતાવે છે કે એમની બુદ્ધિમત્તા માટે દેશ આખામાં કેવું માન હતું !

જયપ્રકાશજીનાં દાંપત્ય જીવનમાં ડોકિયું કરવા જેવું છે. ૧૮ વર્ષના જયપ્રકાશજીનાં ૧૪ વર્ષનાં પ્રભાવતીજી સાથે લગ્ન થયલાં. નાનાં પ્રભાવતીજી બાપુ સાથે એમના આશ્રમમાં રહેતાં. વીસમા વર્ષે જયપ્રકાશજી અમેરિકા ભણવા ઊપડી ગયા. અહીં ગાંધીજીની અસર હેઠળ ઊછરતાં પ્રભાવતીજીને બ્રહ્મચર્યનું વ્રત લેવાની ઝંખના જાગી. તેમણે ગાંધીજીને વાત કરી. બાપુએ કહ્યું, આ અંગે તારે જયપ્રકાશજીને લખવું. જયપ્રકાશે જણાવ્યું, આવી ચર્ચા પત્રોમાં ન થાય, રૂબરૂ મળે કરીશું. પરંતુ પ્રભાવતીજીએ તો પોતાની અંતઃ-સ્ફુરણા મુજબ વ્રત લઈ જ લીધું. જયપ્રકાશજીના પાછા આવ્યા પછી બંને વચ્ચે ઘણી ચર્ચાઓ થઈ. ગાંધીજી સાથે પણ ચર્ચાઓ, પત્રવ્યવહાર થયાં. બાપુનું વલણ એવું લાગે છે કે, 'પુરુષે સ્ત્રીની સ્વતંત્રતાનો સ્વીકાર કરી તેને અનુકૂળ થવું. જે પુરુષ એમ ન કરી શકે તેણે બીજું લગ્ન કરી લેવું.' આ વિધાનના પહેલા ભાગ સામે જયપ્રકાશજીને વાંધો નહોતો પણ વિધાનના પાછલા ભાગથી તેમને અપાર દુઃખ થયું અને તે બોલી પડ્યા કે બાપુનો આ કેવો 'નિષ્ઠુર તર્ક' છે ? બીજું લગ્ન કરવાનો જયપ્રકાશ વિચાર જ કેવી રીતે કરી શકે ? જયપ્રકાશજીએ પ્રભાવતીજી એ લીધેલા બ્રહ્મચર્યના વ્રતને માન આપ્યું. આમાં જયપ્રકાશજીના હૃદયની ઉદારતા અને શાલીનતાનાં આપણને ભવ્ય દર્શન થાય છે.

જય-પ્રભાની આ બેલડી અનુપમ હતી. પ્રભાવતીજી એક પાકા ગાંધીવાદી તરીકે જીવનભર ચરખો ચલાવતાં ચલાવતાં ગાંધીજી સૂચિત ખાદીકામ અને મહિલા ઉન્નતિનાં કામ કરતાં રહ્યાં. અને તે પણ પાકા માર્ક્સવાદી જયપ્રકાશજીની સાથે જીવનભર સાતત્યપૂર્વક

રહીને. સ્રીના સ્વતંત્ર વ્યક્તિત્વની સાથે દાંપત્યધર્મનો મેળ કેવી રીતે બેસાડી શકાય, તેનું એક અજોડ ઉદાહરણ પ્રભાવતીજીએ પૂરું પાડ્યું. તો જયપ્રકાશજીએ સામાન્ય માનવી જેવી પોતાની સ્વાભાવિક જાતીય ઝંખનાઓનું પ્રભાવતીજી માટેના પોતાના પ્રેમ ખાતર વિલોપન કર્યું. તે પણ એવી સહજતાથી કે પોતે કોઈ મોટું પરાક્રમ કર્યું છે તેવી કશી સભાનતા સેવ્યા વિના. પોતાને સામાન્ય માનવી લેખતા જયપ્રકાશજીની આ જ તો અસામાન્યતા છે ને! પ્રેમ સમર્પણ કરે છે પણ એની કશી જ સભાનતા પ્રેમીને હોતી નથી. બંનેએ પરસ્પરને પ્રેમ એવી રીતે આપ્યો કે એમનો પ્રેમ દુ:ખી-ભૂખી માનવજાતની સેવામાં સમર્પિત થઈ ધન્ય થઈ ગયો.

'૩૨ના જેલવાસ દરમિયાન જયપ્રકાશજીના ચિંતનમાં ભારે મનોમંથન હતું. ગાંધીજીનું વ્યક્તિત્વ એમને આકર્ષતું. સ્વરાજ્યના આંદોલનમાં દેશ આખાને ગાંધીજીએ જે રીતે આંદોલિત કર્યો હતો એથી એ ઘણા પ્રભાવિત થયા હતા પણ ગાંધીજીની અહિંસામાં એમને શ્રદ્ધા બેસતી નહોતી. ચરખો ચલાવીને કે જેલોમાં સબડીને સ્વરાજ્ય કેવી રીતે મળે તે એમને સમજાતું નહોતું.

એમને લાગતું હતું કે, ક્રાંતિ તો માર્ક્સવાદ વડે જ લાવી શકાય. એ જ સાચું સામાજિક વિજ્ઞાન છે.

આથી કૉંગ્રેસમાં રહીને પણ સમાજવાદી ચળવળ ચલાવવાનો મનસૂબો પાકો કરીને એ જેલમાંથી બહાર આવ્યા અને કૉંગ્રેસમાં જ સમાજવાદી પક્ષની રચના કરી.

'વાય સોશિયાલિઝમ' એમની એક પ્રખ્યાત કૃતિ ગણાય છે. વૈજ્ઞાનિક તર્ક સાથે તેમણે આ પુસ્તકમાં માર્ક્સવાદી સમાજવાદની અદ્‌ભુત મીમાંસા કરી છે.

જયપ્રકાશને મન માર્ક્સવાદ એટલે 'માસ વર્ક'. ખરું કામ

લોકોની વચ્ચે રહીને જ થઈ શકે. ધારાસભામાં જઈને નહીં. આનું પ્રમાણ તેઓ સ્વયં છે. તેમણે બીજાઓને ધારાસભાઓમાં જવા ટિકિટો આપી પણ પોતે એવી ટિકિટ કદી લીધી નહીં. જવાહરલાલજીએ ખુદ તેમને ભારતના ભાવિ વડા પ્રધાન તરીકે ઓળખાવેલા પણ પોતે કદી વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ થવાની લાલચમાં સપડાયા નહીં. સત્તામોહથી વિરક્ત રાજકારણી કેવો હોય તેનું તેઓ એક જ્વલંત દૃષ્ટાંત હતા.

એ રાજકારણી નહોતા પણ સ્ટેટસમૅન-રાજપુરુષ હતા.

જયપ્રકાશજીને જવાહરલાલજી માટે ખાસ પક્ષપાત હતો. પોતે તેમને 'મોટા ભાઈ' માનતા. જવાહરલાલજીના સમાજવાદી વલણથી એ પોરસાતા પણ કાળે સાબિત કર્યું કે, જવાહરલાલજીમાં સત્તાપ્રેમ ભારે હતો જ્યારે જયપ્રકાશજી તો નર્યા સેવામૂર્તિ જ હતા. સત્તા સેવાનું સાધન બને એવું એનું રૂપ બાંધવામાં એમને જરૂર રસ હતો પણ પોતે સત્તાના પાંજરામાં પુરાયેલા સિંહ બનવા રાજી નહોતા.

૧૯૩૯માં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. જયપ્રકાશે કહ્યું, આ સામ્રાજ્યવાદી યુદ્ધ છે. એમાં આપણાથી બ્રિટિશ સરકારને મદદ ન કરાય. આ યુદ્ધનો આપણે વિરોધ કરીએ છીએ. આપણે સામ્રાજ્યવાદ કે નાઝીવાદ એકેની જીત ઈચ્છતા નથી.

આથી સરકાર ભડકી. એણે સૌથી પહેલાં જેપીને જ પકડી લીધા. ત્યારે જેપીએ કરેલ નિવેદન ગાંધીજીએ તેમના 'હરિજનબંધુ'માં પહેલે પાને છાપ્યું. અને તેમની ધરપકડનો વિરોધ કરતાં લખ્યું કે આ કોઈ સામાન્ય કાર્યકર નથી. એમનામાં દ્વેષ તો લવલેશ નથી. એમનું નિવેદન એમની માનવતાનો પુરાવો છે.

આ જેલમાં એક અસામાન્ય બનાવ બન્યો. તેમનાં પત્ની

પ્રભાવતીજી એમને મળવા ગયાં. જયપ્રકાશજીની ઈચ્છા તેમના ગુપ્ત કાગળો, જે તેમના સાથીઓને પહોંચાડવાના હતા, તે પ્રભાવતી લઈ જાય એવી હતી. તેમને ઈશારો કર્યો. પણ આ તો બાપુની બેટી, એવું ગુપ્ત કામ કરે? એમણે એ કાગળોને હાથ સુધ્ધાં ન અડાડ્યો. દુર્દૈવ આ કાગળો દરોગાની નજરમાં આવતાં તેણે ઉપાડી લીધા. બીજે દિવસે છાપામાં આવ્યું. 'જયપ્રકાશ ષડ્યંત્રી નં. ૧, જોઈ આ ગાંધીજીની અહિંસા!'

ત્યારે ગાંધીજીએ એ મતલબનું નિવેદન કર્યું કે સરકાર કયા મોઢે આવું બોલી શકે છે? જયપ્રકાશ સરકારી દૂતાવાસના કર્મચારી હોત અને કોઈ ગુપ્ત કૂટનીતિથી એમણે સરકારનું કામ પાર પાડ્યું હોત તો સરકાર તેમને કેટલાં માન-ઈલકાબ આપત! દરેક દેશના સ્વાતંત્ર્યવીરો માભોમની આઝાદી માટે આવા જ રસ્તા અપનાવતા હોય છે. અરે ખૂન સુધ્ધાં કરતા હોય છે. જયપ્રકાશ મારી અહિંસામાં માનતા નથી ત્યારે બીજા સ્વાતંત્ર્યવીરોની જેમ તેમણે જે કર્યું તે માટે ગુપ્ત કૂટનીતિમાં માનનારી સરકારને જયપ્રકાશની ટીકા કરવાનો કોઈ અધિકાર નથી.

ગાંધીજીના આ નિવેદનથી જયપ્રકાશજીના મનમાં ગાંધીજી પ્રત્યેના માનમાં ઑર વધારો થયો. આ સાધુ પુરુષને, પત્નીએ સહયોગ ન આપ્યો તેનો પણ કશો રોષ એમના મનમાં ઊઠ્યો નહોતો. એમણે તો ગાંધીજીને લખ્યું કે, "એની રીતે એ સાચી છે, તેને દુ:ખી થવાનું ન હોય. તમે એને સાચવી લેશો."

જેલમાં કેદીઓ ઉપર ભારે ત્રાસ ગુજારવામાં આવતો. દેશના જુદા જુદા ભાગના કેદીઓને દેવલી જેલમાં રાખેલા. દૂર દૂરથી મળવા આવનાર સગાંવહાલાંને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી. કેદીઓની માગણી હતી કે તેમને તેમના પ્રદેશની જેલોમાં મોકલી

દેવામાં આવે. પણ સરકાર સાંભળતી નહોતી. આથી કેદીઓ ઉપવાસ પર ઊતર્યા એટલે જયપ્રકાશ પણ એમની સહાનુભૂતિમાં ઉપવાસમાં જોડાયા અને એમણે ૩૧ દિવસના ઉપવાસ કર્યા. દેશ આખામાં હોબાળો થઈ ગયો. ગાંધીજીએ પણ આ ન્યાયી માગણી ન સ્વીકારવા બદલ સરકારનો ઊધડો લીધો. આખરે સરકાર નમી. કેદીઓને તેમના પ્રદેશની છાવણીઓમાં મોકલી આપ્યા. એથી જયપ્રકાશજી પણ બિહારની હજારીબાગ જેલમાં ગયા.

પણ આ તરવરિયા જુવાનથી આમ જેલમાં પડી રહી સડ્યા કરવાનું કેમ સહ્યું જાય ? ગાંધીજીના 'હિંદ છોડો' અને 'કરેંગે યા મરેંગે'ના નારાથી દેશ આખામાં, આંદોલનમાં વીજળિક તેજ આવ્યું હતું. ત્યારે જેપીથી જંપીને કેમ બેસી રહેવાય ? તેમના અંતરમાં ભારે ઘમસાણ ચાલતું હતું. છેવટે એમણે જેલમાંથી ભાગી છૂટવાનો હિંમતભર્યો નિર્ણય કર્યો અને દિવાળીના દહાડે કેદીઓ અને સિપાઈઓ ઉત્સવના ગાનતાનમાં મસ્ત હતા ત્યારે તેઓ ઘડેલી યોજના મુજબ ૧૭ ફૂટ ઊંચી દીવાલ કૂદી જેલમાંથી ભાગી છૂટ્યા. અંધારામાં કાંટા-કાંકરા, કાદવકીચડ, ઝાડઝાંખરામાં લોહીલુહાણ પગે ભાગતાં-ભાગતાં પૂરા ૪૫ કલાક પછી ખાવા ભેગા થયા. બહાર આવી, ભૂગર્ભમાં રહી, દસ મહિના સુધી અંગ્રેજ સરકારને હંફાવતા રહ્યા. વિદ્યાર્થીઓ, ખેડૂતો, જનતાને ખુલ્લા પત્રો લખી આઝાદીનો જંગ બરાબર લડી લેવા ઉશ્કેરતા રહ્યા.

ગાંધીજીની અહિંસા વીરની અહિંસા છે એમ કબૂલી એની પ્રશંસા પણ કરતા. પરંતુ ત્યારે એ અંગત રીતે એવું માનતા કે આવા જંગમાં હિંસા-અહિંસાની શાસ્ત્રીય ચર્ચાઓનો વિતંડાવાદ જગાડ્યા વિના સૌએ પોતપોતાની રીતે, જે રીતે લડી શકાય તે રીતે લડવું.

મુંબઈ, મદ્રાસ, કલકત્તા થઈ નેપાળ છૂટ્યા. ત્યાં થાણું જમાવ્યું. આઝાદ દસ્તા ઊભા કર્યા. પરંતુ નેપાળના રાજા ઉપર અંગ્રેજ સરકારનું દબાણ વધતાં તેમને પકડીને ભારત મોકલવામાં આવ્યા. પણ તેમના સાથીઓની મદદથી પોલીસને થાપ આપી પાછા ભાગી છૂટ્યા અને કલકત્તા પહોંચ્યા.

એમણે સુભાષબાબુનો સંપર્ક સાધવા કોશિશ કરી પણ તેમાં સફળતા ન મળી. એમના ભૂગર્ભ સાથીઓની ઈચ્છા કે આપણે અફઘાનિસ્તાનની મદદ લેવી. એટલે એ ત્યાં જવા વેશપલટો કરી અંગ્રેજી લેબાસમાં નીકળ્યા તો ખરા, પણ અમૃતસર સ્ટેશને પકડાઈ ગયા. જ્યાંથી તેમને લાહોરની જેલમાં લઈ ગયા. આ વખતનો જેલવાસ ૩૧ માસ ચાલ્યો.

આ ગાળો ઘણો યાતનાનો હતો. એક મહિનો એકાંત કોટડીમાં રાખ્યા. નાનકડી અંધારી કોટડી, એક ખાટલો, એક ધાબળો, ખાવાનું ત્યાં, શૌચ જવાનું પણ ત્યાં. ભારે ગૂંગળામણ થાય. આ દશામાં પણ મારું શું થશે એવી ચિંતા નહોતી પણ દેશમાં ફરી કેવી રીતે જાગૃતિ લાવવી તેના જ વિચારો ઘોળાતા હતા.

મહિના પછી રોજ જેલની ઑફિસમાં પોલીસ લઈ જાય. પૂછપરછ કરી બધી બાતમી કઢાવવા એમના ઉપર દબાણ શરૂ કર્યું. પણ જયપ્રકાશનો તો એક જ જવાબ કે 'બધું જાણું છું પણ તમને જણાવીશ નહીં.' પછી તો મારપીટ શરૂ થઈ. ભૂખ્યા રાખે, ૨૪ કલાક ખુરશીમાં બેસાડી રાખે, ઊંઘવાની તો શું વાત, આંખનું પોપચું પણ મીંચાવા ન દે. શરીર તૂટે, માથું ભમે, જીવ જાય એવી દશા કરી મૂકી. પણ એમની તો એક જ વાત કે 'હું અંગ્રેજ સરકારનો જાની દુશ્મન છું. મારા દેશની આઝાદી માટે લડું છું. મરી જઈશ પણ મોં નહીં ખોલું.'

છેવટે પોલીસ થાકી. એકાંત કોટડીમાંથી મોટા ઓરડામાં લાવી. ત્યાં ઝાડપાન જોવાં મળતાં. એમણે પણ હાશકારો અનુભવ્યો.

દેશભરમાં ચકચાર થઈ ગઈ. જયપ્રકાશજી ઉપર જેલમાં ભારે જુલમ થઈ રહ્યો છે. મિત્રોએ હાઈકોર્ટમાં અરજી કરી. પરિણામે ૧૬ મહિનાની આવી યાતના પછી તેમની લાહોરની જેલમાં બદલી થઈ, જ્યાં એમને લેખનસામગ્રી, છાપાં વગેરે મળતાં થયાં.

જયપ્રકાશજીને એમને અપાતી યાતના માટે ફરિયાદ નહોતી પણ એમને થતું કે શું માણસ આટલી હદે હેવાન થઈ શકે ? આટલી પીડા આપી શકે ? માણસની માનવતાને મરતી જોઈને એમને જે દુ:ખ થતું તે એમની શારીરિક પીડા કરતાં અધિકું હતું.

એક વાર એમના એક અમેરિકન સહાધ્યાયી મિ. ઉજર સ્ટીમરમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમની બાજુમાં એક અંગ્રેજ, જે ભારતથી ઈંગ્લૅંડ જઈ રહ્યો હતો તે પણ મુસાફરી કરી રહ્યો હતો. ઉજરે તેને પૂછ્યું, ''ભાઈ, મારા એક ભારતીય સહાધ્યાયી મારી સાથે અમેરિકામાં ભણતા હતા. તેમના મારી પાસે કોઈ સમાચાર નથી તમને કાંઈ ખબર છે ?'' પેલાએ પૂછ્યું, ''એમનું નામ ?'' ઉજરે કહ્યું, ''જયપ્રકાશ''. અને આ સાંભળતાં જ પેલો સૂતેલો અંગ્રેજ ગબડીને નીચે પડી ગયો. ''અરે, જયપ્રકાશ ? એ તો ભારે ખતરનાક માણસ છે. આ એક જ માણસે બ્રિટિશ સલ્તનતના પાયા હચમચાવી નાખ્યા છે. આજકાલ એ જેલમાં છે.'' આવી એમની હાક અને ધાક હતી.

દેશમાં જયપ્રકાશને છોડવાની માંગ બુલંદ બનતી જતી હતી. એથી અંગ્રેજ સરકારે તેમને મળવા એક પ્રતિનિધિમંડળ જેલમાં મોકલ્યું. પણ કડદો કરે તો એ જયપ્રકાશ શાના ? મારા દેશની આઝાદી જો અહિંસાથી મળે તો રૂડું શું ? પણ જો એમ ન મળે તો

હિંસાથી મેળવતાં પણ હું ખચકાઈશ નહીં. એટલે વળી એમને છોડવાની વાત ઘોંચમાં પડી.

આથી ગાંધીજીએ સરકારની આકરી ટીકા કરતું નિવેદન પ્રગટ કર્યું. જેમાં તેમણે પોતે જયપ્રકાશના રસ્તા સાથે સંમત ન હોવા છતાં એમની મરદાનગીનાં વખાણ કરતાં કહ્યું કે દુનિયાના બધા દેશોમાં આઝાદી માટે લડનારા આ રીતે ગુપ્ત પ્રવૃત્તિઓ કરતા જ હોય છે. એમને કાયમ માટે જેલમાં ગોંધી રાખવા એ બરાબર નથી.

આમ ચારે બાજુથી સરકાર ઉપર ભીંસ વધતાં આખરે તેમને ૧૧મી એપ્રિલ ૧૯૪૬ના રોજ છોડી મૂક્યા. ત્યારે જનતા સ્વયંસ્ફુરિત ઉત્સાહથી એમનું સ્વાગત કરવા ઊમટી પડી હતી.

જયપ્રકાશજી તો બહાર આવી, નવી લડત શરૂ કરવાની યોજના વિચારીને આવ્યા હતા. પણ એમણે જોયું કે અહીં તો સરકાર સાથે વાટાઘાટો ચાલી રહી છે. એમને થતું કે શું વાટાઘાટોથી સ્વરાજ્ય મળે ?

ત્યાં તો દેશના ભાગલાનો પ્રસ્તાવ આવ્યો. એમની પ્રતિક્રિયા ગાંધીજી જેવી જ હતી. દેશના ભાગલા તો ન જ કરી શકાય. પણ જો કૉંગ્રેસમાં ગાંધીજીનું નહોતું સાંભળાતું તો એમનું તો કોણ સાંભળે ? ગાંધીજીએ જવાહરને કહ્યું કે જયપ્રકાશને કૉંગ્રેસ પ્રમુખ બનાવો. પણ જવાહરલાલે તેના બદલે નરેન્દ્રદેવનું નામ સૂચવ્યું અને પછી રાજેન્દ્રબાબુને પ્રમુખ બનાવ્યા.

જયપ્રકાશજી સાથે લોહિયા અને બીજા સમાજવાદીઓ ગાંધીજીને મળ્યા ત્યારે ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, ''કાં તમે મને ગળી જાઓ, અથવા હું તમને.'' જયપ્રકાશને કહ્યું, ''મારે તમને હજમ કરવા છે.'' તમે લોકો કહો છો કે સ્વરાજ્ય જોઈએ,

પછી તે અહિંસાથી આવે કે હિંસાથી. ત્યારે ગાંધીજીએ સમજાવ્યું કે આવું વલણ હશે તો તમે અહિંસાને બાજુએ મૂકી હિંસાને જ આચરશો. અને મને પાકો વિશ્વાસ છે કે એથી તો સ્વરાજ દૂર ને દૂર જશે. એમણે સમાજવાદીઓને ખુલ્લું નિમંત્રણ આપ્યું. તમે બધા સાચા દેશપ્રેમી છો, આઝાદી માટે લડો છો, તમે મારી સાથે જોડાઈ જાઓ, મારી અહિંસા સ્વીકારી મને મદદ કરો. સાચો સમાજવાદ અહિંસા વિના ન જ આવી શકે. તમારી નિર્ભયતા અંતિમ હદે લઈ જાઓ, સામાને માર્યા વિના મરવાની વીરતા પ્રગટાવો.

પરંતુ ગાંધીજીના આવા પ્રેમભર્યા ઈજનનો જયપ્રકાશ અને તેમના સાથીઓ યોગ્ય પ્રતિસાદ ન આપી શક્યા. તે બધા તો કૅબિનેટ મિશન, બંધારણસભા, દેશના ભાગલા આ બધાનો વિરોધ કરતા રહ્યા. કોમી દાવાનળ ફાટી નીકળ્યો ત્યારે તેને ઠારવાથી પણ વેગળા રહ્યા. એ તો માર્ક્સવાદની ઘેરી અસરને કારણે મજૂર સંગઠન અને એમની હડતાલોમાં જ વ્યસ્ત રહ્યા.

જોકે આ ગાળામાં જયપ્રકાશજી પોતે માર્ક્સવાદ અંગે પુનર્વિચાર કરતા થઈ ગયા હતા. એમને ધીરે ધીરે સમજાતું જતું હતું કે આપખુદશાહીને માર્ગે શ્રમજીવીઓનું ભલું થવાને બદલે રાજ્ય સત્તાનો નાગચૂડ પંજો તેમને વધુ ને વધુ ભીંસતો જાય છે. એટલે સાચો સમાજવાદ લોકશાહીને માર્ગે જ આવી શકે આવી પ્રતીતિ એમને થઈ ચૂકી હતી.

એ કાળે, ગાંધીજીના સ્વાવલંબનની અને ચરખાની ઠેકડી ઉડાડનાર જયપ્રકાશજીને ધીરે ધીરે ગાંધીજીના આર્થિક વિચારોનું પણ આકર્ષણ થવા લાગ્યું હતું. દાંતવાલાની 'ગાંધીવાદની પુનર્વિચારણા' પુસ્તિકા વાંચીને તેમણે કહ્યું કે દાંતવાલાએ આ

પુસ્તિકા લખી દેશની મોટી સેવા કરી છે. ગાંધીજીના આર્થિક વિચારો સમજવા એ શ્રી જે. સી. કુમારપ્પાને પણ મળેલા.

આ જ રીતે આગળ જતાં ગાંધીજીની સાધનશુદ્ધિની વાત પણ એમને સમજાઈ. રશિયાની હિંસક ક્રાંતિના ફળરૂપે એક ટોળકીની સરમુખત્યારશાહી નીચે રશિયાનો આમ આદમી તો દબાતો જ રહ્યો ત્યારે તેમને સમજાયું કે ખોટાં સાધન વાપરી સાચું સાધ્ય પ્રાપ્ત ન કરી શકાય. એમની આ પ્રતીતિ એમના સમાજવાદી સંમેલનમાં એમણે જાહેર કરી. તેમણે કહ્યું, "સમાજવાદની સાધનામાં સાધનશુદ્ધિ મહત્ત્વની છે. અશુદ્ધ સાધનો વડે કદાપિ શુદ્ધ સાધ્ય હાંસલ ન જ થઈ શકે."

આમ જયપ્રકાશજી ધીમી પણ મક્કમ ગતિથી ક્રાંતિકારી માર્ક્સવાદ તરફથી પાછા વળી અધ્યાત્મમૂલક ગાંધીવાદ તરફ આગળ વધી રહ્યા હતા.

જયપ્રકાશ અને તેમના લોહિયા આદિ સાથીઓને લાગ્યું કે કૉંગ્રેસની દિશા સમાજવાદની નથી એટલે તેમણે કૉંગ્રેસ સાથે છેડો ફાડી 'સમાજવાદી પક્ષ'ની સ્વતંત્ર રચના કરી. પણ એમણે જોયું કે સમાજવાદીઓને પણ સમાજ કરતાં સત્તાની જ વધુ પડી છે. પોતે સમાજવાદી પક્ષમાં હોવા છતાં એમને સત્તાના રાજકારણમાં બિલકુલ રસ નહોતો. એટલે તો તેમણે વડા પ્રધાન કે રાષ્ટ્રપતિ થવાની જ્યારે એમને ઑફર આવી ત્યારે તેને ઠુકરાવી દીધી.

બે ઘટનાઓએ જયપ્રકાશના ચિત્ત પર ભારે અસર કરી : એક હિંદને મળેલ આઝાદી અને બીજી ગાંધીજીની હત્યા. જે. પી.ને હતું કે સશસ્ત્ર ક્રાંતિ વિના સ્વરાજ્ય ન મળે. જ્યારે તેમણે જોયું કે અહિંસક ઢબે દેશ આખાની જનતાને સાથે લઈ ગાંધીજીએ લોહીની નદીઓ વહાવ્યા વિના સ્વરાજ્ય મેળવી આપ્યું. આ બનાવે તેમના

ચિંતનની દિશા જ બદલી નાખી. બીજી બાજુ ગાંધીજીની હત્યા એમને હલાવી ગઈ. ગાંધીજીના જીવનકાળ દરમિયાન બાપુની જે સીધી અસર એમના ઉપર નહોતી થઈ તે મૃત્યુ પછી થઈ.

દેશના નેતાઓનું બદલાયેલું વલણ, કોમી દાવાનળ, હિંસાનું ભીષણ તાંડવ, ગાંધીજીનું બલિદાન આ બધાથી ક્ષુબ્ધ થયેલા જયપ્રકાશજીનું આંતરમંથન તીવ્રતાથી ચાલતું હતું.

એમણે વર્ધા - સેવાગ્રામની યાત્રા કરી. એમને હતું કે, અહીં ગાંધીજીની જૂનીપુરાણી પ્રવૃત્તિઓ ચાલતી હશે પણ તેમણે નજરે જઈને જોયું કે એ બધી પ્રવૃત્તિઓ તો ચેતનથી ધબકી રહી છે. એમાં પણ એ જ્યારે પવનાર વિનોબાજીને મળ્યા અને તેમની સાથે ચર્ચાઓ થઈ તેની તેમના ઉપર ઘણી ઘેરી અસર થઈ. આમ તો ગાંધીજીના ગયા પછી એમને લાગતું હતું કે દેશમાં જાણે અંધારું છવાઈ ગયું છે પણ પવનારમાં વિનોબાજી પાસે જઈ આવ્યા પછી તેમણે પત્રકારોને કહ્યું કે, ''આઈ સી સમ લાઈટ હિયર'' – મને અહીં કાંઈક પ્રકાશ જણાય છે.

વિનોબાજી પણ ત્યારે નવા માર્ગની શોધમાં હતા. ગાંધીવિચારને પોતાની રીતે સેવનાર આ પ્રાજ્ઞ પુરુષને ગાંધીવિચારનાં બે તત્ત્વો સ્પર્શી ગયાં હતાં : ૧. શોષણમુક્તિ અને ૨. શાસનમુક્તિ.

આ કેવી રીતે સધાય તેનું તેમના અંતરમાં મંથન ચાલતું હતું. વિકેન્દ્રિત અર્થરચના દ્વારા જનતા પોતે જ આર્થિક રીતે પગભર થઈ શોષણમુક્ત થઈ શકે તો અહિંસામૂલક સત્યાગ્રહ શક્તિ દ્વારા લોકો પોતે જ પોતાનું સ્વશાસન ઊભું કરી શાસનમુક્તિ પામી શકે. સૈદ્ધાંતિક રીતે આ વાતની એમના મનમાં પાકી ગેડ બેસી ગઈ હતી. પણ તેના વ્યવહારુ માર્ગ માટેની તેમની શોધ ચાલતી હતી. પવનારમાં કાંચનમુક્ત ઋષિખેતીનો પ્રયોગ, એ દિશાની તેમની ખોજ હતી.

ત્યાં જાણે એમને ઈશ્વરનો ઈશારો થયો અને તેલંગણામાં સામ્યવાદીઓએ મચાવેલા આતંકનો સાદ સાંભળી, પદયાત્રા કરતાં કરતાં લોકોનાં દુ:ખદર્દ જોતા-સાંભળતા ત્યાં પહોંચ્યા. ત્યાં પોચમપલ્લી ગામમાં ભૂમિહીન હરિજનોએ જમીન માગી, વિનોબાએ ટહેલ નાખી અને તે જ સભામાં રામચંદ્ર રેડ્ડીએ ૧૦૦ એકરનું ભૂદાન આપ્યું.

આ ઘટના વિનોબાને સ્પર્શી ગઈ. જાણે કે સાક્ષાત્કાર થયો. એ જમીન માગતા ચાલ્યા, લોકો આપતા ચાલ્યા અને એમ ભૂદાન ગંગા ફૂટી નીકળી. દેશભરમાંથી લાખો એકર જમીન ભૂદાનમાં પ્રાપ્ત થઈ.

શરૂમાં તો જે.પી.ને લાગ્યું કે આમ દાનમાં જમીન મેળવીને ભૂમિ સમસ્યા ઉકેલવામાં તો વરસો વીતી જાય. પણ ભૂદાન આંદોલન જે ગતિથી આગળ ચાલ્યું તેથી એ પ્રભાવિત થયા. પણ હજુ એ સમાજવાદ, મજૂરપ્રવૃત્તિ, મજૂરહડતાળ, સરકાર સાથે સમાધાન એ બધાંમાં જ અટવાયેલા રહેતા. ત્યાં આ સાફ દિલના માણસને મજૂરોના હિતમાં સરકાર સાથે સમાધાનમાં પોતે ગાફેલ રહ્યા એવું લાગતાં અને પોતાની આત્મશુદ્ધિ કરવાની અંત:સ્ફુરણા થતાં એમણે પૂનામાં ૨૧ દિવસના ઉપવાસ કર્યા. જયપ્રકાશજીના આ ઉપવાસની પ્યારેલાલજી અને કિશોરલાલભાઈએ પણ પ્રશંસા કરેલી કે, "આજે જ્યારે દેશમાં ગાંધીજીને નામે ઉપવાસના શસ્ત્રનો દુરુપયોગ થઈ રહ્યો છે ત્યારે જયપ્રકાશજીએ કોઈનીય સામે ઉપવાસ ન કરતાં પોતાની આત્મશુદ્ધિ માટે ઉપવાસ કરી ગાંધીજીના ઉપવાસના માર્ગને પ્રતિષ્ઠિત કર્યો છે."

આ ઉપવાસ એમની વિચારશોધનની પ્રક્રિયામાં પણ મદદગાર બન્યા. ક્રાંતિ માટે માર્ક્સના હિંસાના માર્ગમાંથી તો એમની શ્રદ્ધા

ચાલી ગઈ હતી, સાધનશુદ્ધિની વાત પણ એમને વ્યવહારુ લાગતી હતી. આથી પણ આગળ વધી એમને એમ લાગવા માંડ્યું હતું કે કેવળ ભૌતિક ઉન્નતિ પૂરતી નથી કારણ માણસ એ માત્ર આર્થિક પ્રાણી નથી.

એમણે મૂળભૂત પ્રશ્ન એ ઉઠાવ્યો કે આખરે માણસે ભલા શું કામ થવું જોઈએ ? એણે બીજા માટે ઘસાવું શીદને જોઈએ ? કેવળ સ્વાર્થી બની રહેવાથી, અઢળક ભૌતિક સાધનસામગ્રી મેળવી શકવાથી માણસને સુખ અને શાંતિનો અનુભવ થતો નથી. માણસ અનુભવે છે કે એ તો જ્યારે બીજા માટે પોતે કાંઈક કરે, ત્યારે એને ખુશી થાય છે. આ શું છે ?

માણસ કેવળ ભૌતિક પિંડ નથી. એનામાં જે ચૈતન્ય છે એ જ્યારે બીજા સુધી વિસ્તરે છે ત્યારે જ એને આનંદની અનુભૂતિ થાય છે. માને બાળક માટે, સ્ત્રીને પતિ માટે, મિત્રને મિત્ર માટે, માણસનો જેમ જેમ ચેતોવિસ્તાર થતો જાય તેમ તેમ જ મનુષ્યમાત્ર માટે, અરે જીવમાત્ર માટે પણ એને પોતીકાપણાની અનુભૂતિ થતી જાય છે. આ ચેતનસત્તા એ જ માનવીને નૈતિક, ધાર્મિક અને આગળ જતાં આધ્યાત્મિક થવા પ્રેરતી રહે છે.

જયપ્રકાશજીની અંત: ચેતનામાં આમ જબરદસ્ત પરિવર્તન આવી ચૂક્યું હતું.

પૂનાના ઉપવાસ પછી એ બિહાર ગયા. ત્યારે ત્યાં ભૂદાન આંદોલન જોરમાં ચાલતું હતું. એમણે એમાં ઝંપલાવ્યું. એક અઠવાડિયામાં જ એમને ૭૦૦૦ એકર જમીન દાનમાં મળી. એમણે પોતે પણ પોતાની જમીનનું ભૂદાન કર્યું.

ભૂદાનનું જ્યારે ગ્રામદાનમાં રૂપાંતર થયું ત્યારે ગાંધીજીની કલ્પનાના સર્વોદયી અહિંસક સમાજની એક બ્લ્યૂ પ્રિન્ટ વિચારકો આગળ પ્રગટ થઈ.

જે.પી. જાતે જઈ મંગરોઠનું ગ્રામદાન જોઈ આવ્યા અને પછી તેમાણે કહ્યું કે, ''ઘણા વખતથી મને સવાલ થયા કરતો હતો કે શું ગાંધી ફિલસૂફી પાસે સામાજિક ક્રાંતિ માટે કોઈ વ્યવહારુ પદ્ધતિ છે ખરી ? ત્યારે પૂ. વિનોબાજીનો ગ્રામદાન કાર્યક્રમ નજરે જોતાં મને પ્રતીતિ થઈ કે એમની અસાધારણ પ્રતિભામાંથી પ્રગટેલી અહિંસક સામાજિક ક્રાંતિની આ વ્યવહારુ પદ્ધતિ છે.'' લૂઈ ફિશરે કહેલું કે, ''ગ્રામદાન એ પૂર્વમાંથી આવતો સૌથી મોટો સર્જનાત્મક વિચાર છે.''

જે.પી. હવે સમાજવાદી પક્ષ અને મજૂરપ્રવૃત્તિથી ધીમે ધીમે અળગા થતા થતા ભૂદાન ગ્રામદાનની અહિંસક ક્રાંતિમાં ઊંડા ઊતરતા જતા હતા.

'સર્વોદય મૅનિફેસ્ટો' તરીકે ઓળખાયેલ વિનોબાજીનું ચાંડિલના સર્વોદય સંમેલનનું પ્રવચન સાંભળીને તો એમણે જાહેરમાં એકરાર કરી દીધો કે, ''હવે મારા બધા જ સંશયોનો અંત આવી ગયો છે. અને હું મને વિનોબાનો શિષ્ય કહેવડાવા તૈયાર છું.''

રશિયાની હિંસક ક્રાંતિની અને ભારતમાં દંડશક્તિથી ચાલતા લોકશાહી સમાજવાદના પ્રયોગની મર્યાદાઓની તેમને પ્રતીતિ થઈ ગઈ હતી એટલે તેમાણે આ કાર્ય માટે પોતાનું 'જીવનદાન' જાહેર કર્યું.

પ્રભાવતીજી માટે તો આ પરમ સુખની ઘડી હતી. તેમણે ગદ્‌ગદ કંઠે વિનોબાજીને કહ્યું કે, ''બાબા, આ પરિવર્તન બાપુની હાજરીમાં થયું હોત તો કેવું સારું થાત !'' ત્યારે વિનોબાજીએ સમજાવ્યું કે, ''તું એવું શું કામ માને છે ? આ જે થયું છે તે બાપુની પ્રેરણાથી જ થયું છે. બાપુ આ જોઈ રહ્યા છે. અને એમને પણ પરમ સંતોષ થઈ રહ્યો છે.''

જે.પી.એ પોતાના જીવનદાનને એમની આધ્યાત્મિક યાત્રારૂપે ઓળખાવ્યું. ઋજુતા અને સરળતા એમના વ્યક્તિત્વનો પ્રધાનગુણ છે તેથી અત્યંત ઋજુભાવે તેમણે અહિંસક ક્રાંતિ માટે પોતાનું જીવનદાન અર્પિત કર્યું.

હવે તે ધીરે ધીરે સમાજવાદી પક્ષથી પણ ઉપર ઊઠવા માંડ્યા. તેમને આત્મપ્રતીતિ થઈ ગઈ હતી કે, "દુનિયામાં જો ક્યારેય શાંતિ, સ્વતંત્રતા અને બંધુતા સ્થાપવાં હશે તો આખરે સમાજવાદે સર્વોદયમાં વિલીન થવું જ પડશે." આવો અટલ વિશ્વાસ એમને સર્વોદયમાં બેસી ગયો.

એક વાર વિનોબાજીએ નર્મમર્મથી કહેલું કે, સર્વોદયમાં એક સંત છે અને એક મુસદ્દી છે. પણ જે મુસદ્દી કહેવાય છે તે સંત છે, અને જે સંત કહેવાય છે તે મુસદ્દી છે. આ વાત બાબાએ જે.પી. અને પોતાના સંદર્ભમાં કહી હતી. આમ, વિનોબાજીએ જ જે.પી.ના સાધુત્વને મહોર મારી હતી. હવે તેજીલા તોખાર જેવા જયપ્રકાશની મુખમુદ્રા, હલનચલન, વાતચીત – બધાંમાં મૃદુતા અને શાંતિ – પ્રતિઘોષિત થતાં. આવી એમની અવસ્થા આવી ત્યારે એ એમનો વસવસો ક્યારેક પ્રગટ કરી દેતા કે, "બાપુના જીવતાં હું આ બધું સમજી ગયો હોત તો ?"

અંતિમ કાળનાં ગાંધીજીનાં બે પગલાંની એમના ચિત્ત પર ઘેરી અસર થયેલી. ફ્રાન્સ, અમેરિકા, રશિયા, ચીન – બધે જ ક્રાંતિ પછી જે ક્રાંતિના અગુઆ હતા તેમણે રાષ્ટ્રના સર્વોચ્ચ બની બધી સત્તા પોતાના હાથમાં રાખેલી. જ્યારે અહીં ગાંધીજીએ તો એની સામે મોં સુધ્ધાં નહોતું કર્યું. એ તો બંગાળ, બિહારમાં કોમી આગ ઠારવા દોડી ગયેલા. સત્તા મારફતે સમાજની સેવા કરી શકાય એવો જો એમને વિશ્વાસ હોત તો એ પોતે જ સત્તાના સિંહાસને શું કામ

ન બેસત ? પણ એ તો ખરી સત્તા જનતાની અને તે એના હાથમાં હોવી જોઈએ એવો વિશ્વાસ ધરાવતા હતા.

બીજી વાત તે કૉંગ્રેસના વિસર્જનની. તેમને લાગ્યું કે, ''દેશને સ્વરાજ્ય અપાવનાર આ મહાન સંસ્થા શાસનમાં જોડાઈ જશે તો તહસનહસ થઈ જશે, સત્તા માટેની હુંસાતુંસીમાં ફસાઈ જશે.'' આથી એ આર્ષદ્રષ્ટા પુરુષે કૉંગ્રેસનું વિસર્જન કરી તેને લોકસેવક સંઘમાં ફેરવી નાખવાનો ખરડો ખુદ ઘડીને આપ્યો. પણ કૉંગ્રેસે એને ફગાવી દીધો. એટલું જ નહીં, એણે તો ગાંધીજીને જ બાજુ ઉપર મૂકી, અંગ્રેજ સલ્તનત સાથે દેશના ભાગલાનો સ્વીકાર કરી લીધો.

તે કાળે જયપ્રકાશજી ગાંધીજીની સાથે નહોતા પણ એમને પણ દેશના ભાગલા મંજૂર નહોતા એ વાતની નોંધ અહીં લેવી જોઈએ.

સ્વરાજ્ય આવ્યા પછી દેશના પુનર્નિર્માણની ગાંધીજીની કલ્પના અને પંડિત નેહરુની વિચારધારા વચ્ચેનો ભેદ ખૂલી ગયો. એ બંને વચ્ચે ઘણોબધો પત્રવ્યવહાર ચાલ્યો. નેહરુ બાપુને ન સમજી શક્યા. તેમની સામે તો અમેરિકા અને રશિયા હતાં. તેમના જેવી ઔદ્યોગિક ક્રાંતિ કરી એમની હરોળમાં ભારતને લઈ જવો હતો. સંસદીય લોકશાહી અને ઔદ્યોગિકીકરણ આ બે પંડિતજીનાં ધ્રુવપદ હતાં. જ્યારે ગાંધીજીને આ બેમાંથી એકે ચીજ મંજૂર નહોતી. તે તો કહેતા ખરું ભારત એનાં લાખો ગામડાંઓમાં વસે છે. આ બધાં ગામડાં સુધી આઝાદી પહોંચાડવી હોય તો કેવળ ગોરાઓને કાઢી કાળાઓને બેસાડવાથી ન પહોંચે, જ્યાં સુધી ગામડાં ગ્રામોદ્યોગ દ્વારા આર્થિક રીતે પગભર ન થાય. પોતાની ગ્રામપંચાયતો દ્વારા સ્વશાસન કરતાં ન થાય ત્યાં સુધી ખરું સ્વરાજ્ય આવ્યું ન કહેવાય. પણ આ વાત વિનોબાજી સિવાય ગાંધીજીના અંતેવાસીઓમાં ભાગ્યે જ કોઈ ઝીલી શક્યા હતા.

વિનોબાજીએ ભૂદાન આંદોલન અને ગ્રામદાન દ્વારા ગાંધીજીની સર્વોદયી અહિંસક સમાજરચનાનું એક વ્યવહારુ રૂપ પ્રગટ કરી આપ્યું ત્યારે જે.પી.એ પોતાની પૂરી શક્તિ આ અહિંસક ક્રાંતિ માટે સમર્પી દીધી. કારણ કે ભૂદાન આંદોલનનાં નક્કર પરિણામો જે.પી.ને સ્પર્શી ગયાં હતાં.

ભૂદાન આંદોલનમાં કુલ ૪૨ લાખ એકર જમીન મળી જે ૧૫ લાખ ભૂમિહીનોમાં વહેંચાઈ. જેમાંથી પાંચેક લાખ કુટુંબો મહેનત કરી પોતાનો રોટલો રળતાં થયાં. આટલી બધી જમીન દમડીના પણ વળતર વિના અને કોર્ટકચેરીમાં એક પણ આંટાફેરા વિના ગરીબોના હાથમાં પહોંચી.

બીજી બાજુ તેમણે જોયું કે, તેમના બિહારમાં સરકારના ટોચમર્યાદાના કાયદાથી એક એકર જમીન પણ કોઈ ગરીબને મળી નહોતી. જ્યારે એકલા બિહારમાં જ ભૂદાન મારફતે ત્રણથી ચાર લાખ એકર જમીન ભૂમિહીનોને મળી હતી.

આ ઉપરાંત લગભગ બેથી ત્રણ હજાર ગામ – ગ્રામદાન ઍક્ટ નીચે રજિસ્ટર્ડ થયાં હતાં. જ્યાં ગ્રામસ્વરાજનું સ્વપ્ન સાકાર કરવા માટે પ્રયત્નો થઈ રહ્યા હતા.

જયપ્રકાશજીનો અભિગમ હંમેશાં વ્યવહારવાદી રહેતો. ગ્રામદાનના કાર્યક્રમમાં એમને એનું વ્યવહારુ રૂપ સ્પષ્ટરૂપે દેખાઈ ચૂક્યું એથી તે સ્વયં બિહારના ‘મુસહરી’ પ્રખંડમાં જઈને બેસી ગયા. ત્યાં કામની જમાવટ સારી કરી પણ દુર્ભાગ્યે બાંગ્લાદેશની અભૂતપૂર્વ સમસ્યા ઊભી થઈ અને મુસહરીનો પ્રયોગ અધૂરો રહી ગયો.

જયપ્રકાશજી એક પાયાના કામમાં લાગેલા હતા પણ એમનું વ્યક્તિત્વ વિશ્વ નાગરિકનું હતું. બાંગ્લાદેશની સમસ્યા ખડી થતાં

એ વલોવાઈ ગયા. ''હું જે આંદોલનને વરેલો છું તેનો મંત્ર છે – જય જગત્. એટલે જ્યારે એક નિર્દોષ પ્રજાની, સ્વાતંત્ર્યની ન્યાયોચિત માગણીને લશ્કરી માંધાતા કચડી નાખતા હોય ત્યારે તેની સામે બુલંદ અવાજ ઉઠાવવો એ મારો સ્વધર્મ છે, કારણ આ માનવતાનો પ્રશ્ન છે.'' આ માટે તે દુનિયાભરના દેશોમાં ફરી વળ્યા અને ત્યાં જઈ તેમણે બાંગ્લાદેશની જનતાની આકાંક્ષાની પૂર્તિ માટે ભારતે ભજવેલા ભાગની સમજૂતી આપી. બાંગ્લાદેશની જેમ તિબેટ, નાગાલૅન્ડ કે કાશ્મીરના પ્રશ્નો માટે તેમણે માનવતાના નાતે તે પ્રજાઓની લાગણીને વાચા આપી. આમ કરવા જતાં તેમને દેશદ્રોહી અને ગદ્દાર જેવી ગાળો ખાવી પડી પણ તેની તેમણે ક્યારે પણ પરવા કરી નહોતી.

એક મોટું કામ તેમણે કર્યું તે ચંબલના બાગીઓના આત્મસમર્પણનું. પહેલાં તો આ કામ હાથ પર લેતાં તેમને ભારે સંકોચ થતો હતો. તેમણે ઘસીને ના જ પાડેલી. ''આ કામ તો વિનોબાનું, મારું નહીં, હું સંત થોડો છું. હું તો અદનો સેવક.'' પણ બાગીઓની બાબુજી ઉપરની અપ્રતિમ શ્રદ્ધાએ એમને આ કામ હાથમાં લેવું પડ્યું. અને જ્યારે લીધું ત્યારે જી-જાનથી એની પાછળ લાગી પડ્યા. એમણે કહી દીધું કે, ''એક એક બાગીનો જાન મારા જાનની બરાબર છે. જો આત્મસમર્પણ કરી, આજીવન કેદ સ્વીકારનાર બાગીને ફાંસી દેવાશે તો હું આમરણ ઉપવાસ કરી મારો જાન આપી દઈશ.'' બાગીઓએ જ્યારે જાણ્યું કે, જે.પી.એ સ્વયં ''બાગીનો જાન મારા જાનની બરાબર છે'' એમ કહ્યું છે ત્યારે તેની તેમના ઉપર જાદુઈ અસર થઈ. માધોસિંહ તો ખુદ એમની પાસે આવીને આત્મસમર્પણ કરી ગયેલો. પણ મોહરસિંહ તો કોઈ દિવસ આત્મસમર્પણ ન જ કરે એમ મનાતું તેણે પણ

130418
15-9-2010

પોતાની ટોળી સાથે જે.પી. આગળ આત્મસમર્પણ કરી દીધું.

જે.પી. તો સમાજવિજ્ઞાની હતા. તેમણે વારાણસીના ગાંધિયન ઈન્સ્ટિટ્યૂટ પાસે આ આખી સમસ્યાનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરાવ્યો. જેને આધારે 'ચંબલ ખીણ શાંતિ મિશન' સ્થાપી બાગીઓના પુનરુત્થાનનું કામ ઉપાડ્યું.

ચંબલની ખીણમાં એક નાના સ્નેહમિલનમાં કાર્યક્રમ ગોઠવાયો. છેલ્લી ઘડીએ જે.પી. કહે : "ગાંધી-વિનોબાના ફોટા લાવો. બાગીઓ આ મહાપુરુષો આગળ સમર્પણ કરે. મારી આગળ નહીં." કેવી એમની નમ્રતા ! પણ જંગલમાં આ ફોટા લાવવા ક્યાંથી ? દૈવયોગે એક સાથી પાસે આ બંનેની ટપાલટિકિટો મળી. તેને પૂંઠા ઉપર ચોડી તેની આગળ જે.પી.એ આત્મસમર્પણ કરાવ્યું. જે.પી.એ બાગી ભાઈઓને કહ્યું : "ગાંધી-વિનોબાનો અમારો એક સર્વોદય પરિવાર છે. આજથી તમે પણ એના સભ્ય બનો છો. હવે અમારી આબરૂ તમારા હાથમાં." સમર્પિત થયેલા બાગીઓએ પણ આ કોલ નિભાવવાની ખાતરી આપી.

આ પ્રસંગે જે.પી.ની ઈશ્વરનિષ્ઠા પાકી કરી. એક સાથીએ જે.પી.ને લખેલું : "તમે ભલે પોતે સંત નથી એમ કહો છો પણ તમારામાં દૈવીગુણોનો એવો પ્રકર્ષ થયો છે કે બાગીઓ જેવાઓ કોઈ અન્ય સંત કે રાજકારણીઓ આગળ આત્મસમર્પણ કરવાને બદલે તમારી આગળ આત્મસમર્પણ કરવા માગે છે. આ સન્માન તમને દેશના સર્વોચ્ચપદ કે નોબેલ પ્રાઈઝ કરતાં પણ મોટો ઉપહાર છે, જે ખુદાએ તેના બંદાને આપ્યો છે એમ સમજવું." જે.પી. દુન્યવી માનઅકરામથી તો ઘણા ઉપર ઊઠી ગયા હતા પણ ઈશ્વરે તેમને તેનું ઓજાર બનાવી આ કામમાં નિમિત્ત બનાવ્યા તેની તેમના ચિત્ત ઉપર ઘેરી અસર થયેલી.

જે.પી.નું સ્વાસ્થ્ય સારું નહોતું રહેતું. એમને થતું હતું કે, આજની મારી કાર્યશૈલી શારીરિક અને માનસિક બંને દૃષ્ટિએ સમય અને શક્તિ બંનેના વ્યય સમાન પુરવાર થઈ છે. એટલે એમને એક વર્ષ જાહેર કામમાંથી નિવૃત્તિ લઈ એકાંતવાસ સેવી, આત્મમંથન કરી આગળના કામની નવી દિશા શોધવી હતી.

પણ ઈશ્વરને એમની યોજના મંજૂર નહોતી. ત્યાં બાંગ્લાદેશનો પ્રશ્ન આવી પડ્યો. તેમાં ભારતે ભજવેલા ભાગની દુનિયાને સમજૂતી આપવા તેમને આખા વિશ્વનો પ્રવાસ ખેડવો પડ્યો. તેમના કામથી ભારતની આબરૂમાં વધારો થયો. અને દુનિયાના માંધાતાઓને પણ જે.પી.ના વિરલ વ્યક્તિત્વની ઓળખ થઈ.

આમ કાળની થાપટો ખાતી જે.પી.ની જીવનયાત્રા આગળ વધી રહી હતી. ત્યાં તેમના માથે આભ તૂટી પડ્યું. તેમનાં જીવનસાથી પ્રભાવતીજી કૅન્સરની બીમારીમાં સપડાયાં. ઑપરેશન કરાવ્યું. લાગ્યું કે ખતરો ટળ્યો. પણ આશા ઠગારી નીવડી. બીજો ઊથલો આવ્યો. જોકે, પ્રભાવતીજીએ દર્દની અસહ્ય પીડા સહીને પણ સમતા જાળવી રાખી હતી. અંતે જે થવાનું હતું તે થઈને જ રહ્યું. ૧૫મી એપ્રિલ ૧૯૭૩ના રોજ રામનામ લેતાં લેતાં તે વિદાય થઈ ગયાં. વિનોબાજીના શબ્દોમાં, ‘‘એક પવિત્ર જીવનની સમાપ્તિ થઈ.’’ પ્રભાવતીજીએ પત્ની કરતાં તો અધિક માતા તરીકે જે.પી.ની સંભાળ લીધેલી. એમના જવાથી જે.પી. જાણે અનાથ થઈ ગયા. રિક્તતા અને વિરહની ભારે ભીંસ અનુભવવા માંડ્યા. એમની આંતરિક સ્થિતિ વૈરાગ્ય તરફ ઢળતી જતી હતી. તો બીજી બાજુ દેશની અવદશા થતી જોઈ જાણે કે તે માટે શહીદી વહોરવા એ અંદરથી કટિબદ્ધ થઈ રહ્યા હતા.

વિનોબાનું ગ્રામસ્વરાજ્ય આંદોલન અને જે.પી.નો મુસહરી

પ્રયોગ બંને – અધકચરા છૂટી ગયા હતા. સર્વોદય માટે એમની લાગણી એવી હતી કે, "આપણું આંદોલન એક રાજનૈતિક શક્તિ-ફોર્સ પણ છે, એ વસ્તુનું આપણને ભાન રહેવું જોઈએ. આપણે આપણા આસપાસની રાજકીય પરિસ્થિતિ વિશે બિલકુલ બેધ્યાન રહીએ તે ન ચાલે." તેમને ત્યારે સૌથી મોટી ચિંતા દેશની લોકશાહીના ભાવિની થવા લાગી હતી, કારણ કે આખી સત્તા એક જ વ્યક્તિના હાથમાં કેન્દ્રિત થતી જતી હતી. અને તે વ્યક્તિ હતાં ઈન્દિરાજી. પોતાને મન 'બેટી' જેવાં હોઈ તેમને વારે વારે ચેતાવતા રહેતા હતા. પણ દુર્દૈવે બંને વચ્ચે વિચાર કે આચાર એકેમાં મેળ ન બેઠો.

મિલકતને બાદ કરતાં નાગરિકના મૂળભૂત અધિકારો અકબંધ રહેવા જોઈએ. પણ એનું હનન થઈ રહ્યાના એંધાણ જે.પી.ને વર્તાઈ રહ્યા હતા. જે.પી.ને આ પરિસ્થિતિ ચળાવી રહી હતી. તેમને હતું કે આમાં વિનોબાજીનું માર્ગદર્શન મળશે પણ તે ન મળતાં નિરાશ થઈ ગયા. અને હવે તે કાંઈક નવા માર્ગની શોધમાં લાગ્યા હતા.

જે.પી.એ જોયું કે સર્વે રિપોર્ટ, ગોષ્ઠિ, સંમેલન, સેમિનાર, પ્રવચન, લેખો – આ બધાની ભ્રષ્ટ શાસનતંત્ર ઉપર કોઈ જ અસર પહોંચતી નથી. ત્યારે તેમને લાગ્યું કે, હવે લોકશાહીને જિવાડવાનો એક જ રસ્તો રહે છે અને તે સીધા લોકો પાસે જવું. છેવટે તો જનતા જે કરશે તે જ થશે. ભ્રષ્ટાચાર, ભૂખમરો, બેકારી, સામાજિક-આર્થિક અન્યાય, શોષણ – આ બધા સામે જનતાએ જાતે જ લડવું પડશે. પણ આ લોકશક્તિને જગાડવી કઈ રીતે, એની શોધ જે.પી. કરી રહ્યા હતા.

એમના ચિંતનમાંથી એમને જડ્યું કે, આજના ભ્રષ્ટ શાસન તંત્રને કારણે આ બધી સમસ્યાઓ છે અને ભ્રષ્ટ શાસનનું મૂળ

આજની ચૂંટાણી વ્યવસ્થા છે. તેના પર પૈસો, ગેરરીતિઓ અને શરીરબળ હાવી થઈ ગયાં છે. હવે આને પડકાર કોણ આપે? તેમની નજર યુવા પેઢી ઉપર ઠરી. તેમને થયું જો આ યુવાશક્તિ જાગ્રત અને સંગઠિત થઈ કામે લાગે તો જ લોકશાહીને ઉગારી શકાય. એટલે તેમણે 'યૂથ ફૉર ડેમૉક્રસી'ને નામે યુવાનોને આહ્‌વાન કર્યું. જે.પી.એ કરેલા આહ્‌વાનનો પ્રત્યુત્તર તેમની અપેક્ષા કરતાં પાણ તેમને વધુ મળ્યો.

૧૯૪૨ના સ્વરાજ્યની લડતમાં જે.પી. 'હીરો' હતા ત્યારે તે 'યુવાસમ્રાટ'નું બિરુદ પામ્યા હતા. ૧૯૭૪માં ફરી તેમના હૃદયનો તાલ યુવાહૃદય સાથે મળતો લાગ્યો.

જે.પી.ને લાગતું હતું કે, દેશમાં ભારે અશાંતિ છે, લોકો બેહદ પરેશાન છે, આ પરિસ્થિતિને જો ક્રાંતિમાં ન પલટીએ તો તેમાંથી કાં અરાજકતા આવે કાં સરમુખત્યારશાહી આવે.

આ જ ગાળામાં ગુજરાતમાં એકાએક વિદ્યાર્થીઓનું આંદોલન શરૂ થયું. ગુજરાતના વિદ્યાર્થીઓએ જે.પી.ને ગુજરાત આવવા નિમંત્રાણ આપ્યું. પૂજ્ય રવિશંકર મહારાજે પાણ જે.પી.ને ગુજરાત આવવા સંદેશો મોકલ્યો. અને જે.પી. આવ્યા. ગુજરાતના યુવા વિદ્યાર્થીઓનો ઉત્સાહ જોઈ તેમને થયું, 'આ જ લહરોમેં નિમંત્રાણ તીર પર કૈસે રૂકું મૈં?'

જે.પી.એ યુવાનોની નવનિર્માણ સમિતિને પૂછ્યું કે, ''તમારી પાસે નવનિર્માણનું શું ચિત્ર છે? તે સ્પષ્ટ કરો, સમજો. તમે ઇચ્છો છો તેમ ધારાસભાનું વિસર્જન તો થશે પણ તે પછી જે ચૂંટણી આવશે તેમાં શો ફેર પડશે?'' તેમણે મતદાતા પરિષદ દ્વારા બિનપક્ષીય લોકઉમેદવારો ચૂંટણીમાં ઊભા રાખવાની વાત સમજાવી.

ગુજરાતના વિદ્યાર્થી આંદોલનની વિશેષતા એ હતી કે, તેમની પોતીકી માગણીઓથી ઉપર ઊઠીને તેમણે સામાન્ય પ્રજાની લાગણીને વાચા આપી હતી તેથી આ આંદોલન જે.પી.ને ખાસ સ્પર્શી ગયું હતું. તેમણે નિખાલસપણે જાહેરમાં કબૂલ્યું કે, ''ગુજરાતના વિદ્યાર્થી-આંદોલને મને પ્રકાશ દેખાડ્યો છે.''

પણ વિનોબાજીને જે.પી.ની વાત ગળે નહોતી ઊતરતી. એ તો ડેમોક્રસીને ડેમનોક્રસી કહેતા. રાજનીતિને સ્થાને લોકનીતિને સ્થાપવા ગ્રામસ્વરાજ્ય સિવાયની બીજી કોઈ વાત માટે તે તૈયાર નહોતા. અલબત્ત, જે.પી.ની સાધુતા માટે વિનોબાજીને ઘણો આદર હતો, એ ટીકાકારોએ ભૂલવું ન જોઈએ.

જે.પી. પટણા પહોંચ્યા તો ત્યાં પણ વિદ્યાર્થીઓએ આંદોલન શરૂ કરી દીધેલું. પણ બિહાર સરકારે તેના ઉપર ધ્યાન ન આપેલું. બિહાર વિધાનસભા આગળ સત્યાગ્રહ કરી રહેલા વિદ્યાર્થીઓ ઉપર પોલીસે આડેધડ ગોળીબાર કર્યો. સરકારે તો આક્ષેપ કર્યો કે યુવાનોની ધમાલ પાછળ જે.પી.નો હાથ છે. અને જે.પી.નો માંહ્યલો યોદ્ધો ફરી જાગી ઊઠ્યો. એક નિવેદન બહાર પાડીને તેમણે સરકારને જવાબદારીપૂર્વક વર્તવાની અપીલ કરી. તેમણે કહ્યું કે, ''જો સરકાર શાંતિમય આંદોલનને પણ કચડી નાખશે તો પછી હિંસક વિસ્ફોટ કદાપી ટાળ્યો ટળાશે નહીં.''

તેમણે ત્યાં સુધી કહી દીધું કે, ''સર્વોદયમાં બધા સારું સારું બોલનારા હોય છે એવા ભ્રમમાં ન રહેશો. મારા પૂરતી વાત કરું તો મેં ભ્રષ્ટાચાર, ગેરવહીવટ, કાળાબજાર, નફાખોરી, સંઘરાખોરી સામે લડી લેવાનો, ખરા અર્થમાં જનતાનું રાજ, જનતાની લોકશાહી માટે લડી લેવાનો નિશ્ચય કર્યો છે.''

હવે જે.પી.એ શાંતિમય આંદોલન માટે લોકકેળવણીનું કામ શરૂ

કર્યું અને લોકોને સત્યાગ્રહ કરવા તૈયાર કરવા માંડ્યા. તેમણે સમજાવ્યું કે, ''આપણું કામ કાંઈ સરકાર ઉથલાવવાનું નથી. એ તો ભૂત જશે અને પલીત આવશે. આપણી લડાઈ લાંબી છે. આપણે તો સમાજપરિવર્તન કરવું છે.''

૯મી એપ્રિલે પટણામાં વિદ્યાર્થીઓની મોટી સભા થઈ. તેમાં તેમણે જયપ્રકાશજીને 'લોકનાયક'નું બિરુદ આપ્યું. જે.પી.એ કરેલાં કામોને જોતાં આ બિરુદ કેટલું બધું સાર્થક પુરવાર થયું છે!

જે.પી.ની મુદ્દલ ઇચ્છા ન હોવા છતાં બિહારની ઘમંડી સરકારનાં અવિચારી કૃત્યોથી, સ્વયંભૂ લોકમાંગ – વિધાનસભા વિસર્જનની જાગી ઊઠી. જેમ સરકારનું દમન વધતું ગયું તેમ 'શાસન ઠપ્પ કરો'ની ચળવળ પણ આગળ ને આગળ વધતી ગઈ. ૧૨મી એપ્રિલના વિદ્યાર્થીઓ ઉપરના ગોળીબારને પાંચ પ્રતિષ્ઠિત નાગરિકોની તપાસ સમિતિએ બિલકુલ ગેરવાજબી ઠરાવ્યો. જ્યારે સરકારે તટસ્થ તપાસ સમિતિના અભિપ્રાયને અવગણી તેને વાજબી ઠેરવ્યો. આથી જે.પી.નું લોહી ઊકળી ઊઠ્યું અને આજ લગી 'વિધાનસભા ભંગ'ની વાતને તે ટાળતા હતા તેને બદલે હવે આના વિના બીજો રસ્તો રહ્યો નથી એવું એમને લાગ્યું અને આ લોકમાંગને એમણે સમર્થન આપી દીધું. એથી આંદોલન આગની જેમ બિહારના ગામેગામ પહોંચી ગયું અને સભાઓ, ધરણાં, ઉપવાસ, સહીઝુંબેશ વગેરે શરૂ થઈ ગયાં.

૫મી જૂને બિહારનાં મતદાન ક્ષેત્રોમાંથી એકત્ર થયેલી લાખો સહીઓ સાથેનું આવેદનપત્ર રાજ્યપાલને આપવા એક વિરાટ સરઘસ પટણામાં નીકળ્યું જેની આગેવાની જે.પી.એ લીધી. આવેદનપત્ર આપી આ સરઘસ ગાંધી મેદાનમાં સભાના રૂપમાં ફેરવાઈ ગયું. આ સભામાં જે.પી.એ કહ્યું કે, આંદોલન વિધાનસભા

વિસર્જન પૂરતું કે વિદ્યાર્થીઓની બાર માંગ પૂરતું સીમિત નથી પણ આ તો સમગ્ર જનતાએ 'સંપૂર્ણ ક્રાંતિ' માટે ઉપાડેલી લોકલડત છે. આમ, પહેલી વાર જે.પી.ને મોઢે 'સંપૂર્ણ ક્રાંતિ'નો શબ્દોચ્ચાર થયો. જે આગળ જતાં 'સર્વોદય' અને 'ગ્રામસ્વરાજ્ય' જેવો એક મંત્ર બની ગયો.

જે.પી.નો સર્વોદય આંદોલન સાથે સીધો સંબંધ હતો. આથી આ આંદોલન શરૂ થતાં સર્વોદયમાં પણ મંથન શરૂ થયું. જોકે, જે.પી.એ તો કહી દીધું કે, આ આંદોલન મેં મારી પોતાની જવાબદારી ઉપર ઉપાડ્યું છે.

વિનોબાજીનો આ આંદોલન વિશે સાનુકૂળ પ્રતિભાવ નહોતો. આ રીતે લોકશક્તિ જાગે અને સમાજની સમસ્યાઓ ઉકલે એમ ન બને. તેમને મન શિક્ષણસુધાર, ભ્રષ્ટાચાર, બેકારી, આ બધા આંદોલનના મુદ્દા ન હોઈ શકે. ચિંતનના મુદ્દા હોઈ શકે. આમ છતાં જે.પી. માટેની પૂરી શ્રદ્ધાને લઈ "અનુભવ કરવા ભલે પ્રયોગ કરો, ગંગા અને બ્રહ્મપુત્રા બંને પ્રવાહને વહેવા દો," એવું વલણ લીધું. અહિંસા, સત્ય અને સંયમ આ ત્રણ મર્યાદા જાળવી કામ કરવા કહ્યું.

આ મર્યાદા સ્વીકારી જે.પી. આગળ વધતા રહ્યા. તેમને જનતામાં વિશ્વાસ હતો. જનતાએ પણ તેમને પોતાના 'લોકનાયક' સ્વીકાર્યા હતા. તેથી તેમણે આપેલ આદેશ મુજબ પૂરું બિહાર ત્રણ દિવસનો બંધ કશા જ અનિષ્ટ બનાવ વિના પાળી શક્યું. રેલવે સુધ્ધાં બંધ રહી એ જે.પી.નો પ્રતાપ.

૪થી નવેમ્બરે પટણામાં એક ભવ્ય કૂચ યોજાઈ. સરકારે થોકે થોકે ઊમટેલા આ લોકોને આવતા રોકવા તેનાથી થાય તે બધા જ પ્રયત્નો કર્યા. ૫૮ ટ્રેનો બંધ કરી, સ્ટીમરો રદ કરી, નૌકાઓ ડુબાડી

દીધી, બસો કેન્સલ કરી, પટણા શહેરથી ૩૦ માઈલ દૂરથી ઘેરાબંધી કરી લોકોને આવતા રોક્યા. ભાડૂતી માણસો દ્વારા જયપ્રકાશ અમેરિકાના દલાલ છે એવી નારાબાજી કરાવી.

આટઆટલા વિરોધની વચ્ચે લોકો આવ્યા. કેળની થાંભલીઓ અને વાંસના તરાપા બાંધી આવ્યા, પગપાળા માઈલોના માઈલો ચાલીને આવ્યા. સરકાર પણ મરણિયા થયેલી, એણે લોકો ઉપર આડેધડ અશ્રુવાયુ છોડ્યો, લાઠીમાર કર્યો, સેંકડો ઘાયલ થયા. જે.પી.ને પણ પ્રસાદી મળી, નાનાજી દેશમુખે લાઠીનો માર ઝીલી જે.પી.ને બચાવી લીધા. જે.પી. પર આવા તો ત્રણ હુમલા થયેલા જેમાં એમની પાંસળી પણ તૂટી ગઈ.

આમ છતાં જે.પી.નો નારો લોકોએ ઝીલી લીધો : "હમલા ચાહે જૈસા હોગા, હાથ હમારા નહીં ઉઠેગા, નહીં ઉઠેગા."

સરકાર તરફથી લોકોના આંદોલનને અને વિદ્યાર્થીઓના સત્યાગ્રહને કચડી નાખવા માટે ઘણા પ્રયત્નો થયા પણ જે.પી.ને કારણે સૌએ પૂરો સંયમ જાળવ્યો. આમ છતાં ઇન્દિરાજીએ ન તો વિધાનસભાનું વિસર્જન કર્યું કે ન વિદ્યાર્થીઓની માગણીઓનો સ્વીકાર કર્યો. હા, એક પરિણામ આવ્યું. જે.પી.ને મુલાકાત આપી. પણ મુલાકાત નિષ્ફળ ગઈ. તે જ દિવસે સાંજે એક જાહેર સભામાં ઇન્દિરાજીએ ઊંચે અવાજે કહી દીધું કે, "હું રાજીનામું આપવાનું પસંદ કરીશ પણ બિહાર વિધાનસભાનું વિસર્જન નહીં કરું. જયપ્રકાશજી કહે છે કે, લોકો તેમની સાથે છે. તો તેમણે ચૂંટણી આવતા સુધી સબૂરી રાખવી જોઈએ." ત્યારે જે.પી.ને કહેવું પડ્યું કે, "ઈંદિરાજીએ આવો પડકાર ફેંક્યો છે તો હું તેનો સ્વીકાર કરું છું. એટલે હવે આની જવાબદારી એમના શિરે. બાકી મને ચૂંટણીમાં રસ નથી. હું હંમેશ ચૂંટણીઓથી અળગો રહ્યો છું."

જોકે, આંદોલન તો ચાલુ જ રહ્યું. હા, તેનું સ્વરૂપ બદલાયું. તેણે હવે સંગઠનનું સ્વરૂપ લીધું. ગામેગામ જનસંઘર્ષ સમિતિઓ રચાવા લાગી અને શાળા-કૉલેજમાં છાત્રસંઘર્ષ વાહિની બનવા લાગી. શહેરોમાં મહોલ્લા સમિતિઓ બનવા માંડી. જે.પી.નો પ્રયત્ન આંદોલનને પક્ષ મુક્ત રાખવાનો હતો. તે સમજાવતાં કહે, ''હું તો ઈન્દિરાજી અને કૉંગ્રેસ પણ આ લોકઆંદોલનમાં ભળે એમ ઈચ્છું છું, કારણ કે સંપૂર્ણ ક્રાંતિના આંદોલનને સત્તાપરિવર્તનમાં રસ નથી, પણ સમાજપરિવર્તનમાં રસ છે.''

બિહાર આંદોલનની એક દેશવ્યાપી લહર ઊઠી. દેશ આખામાં લોકજુવાળ જે.પી. તરફ ઢળવા લાગ્યો. માર્ચ ૧૯૭૫માં દેશ કક્ષાનું દિલ્હીમાં એક વિરાટ સરઘસ જે.પી.ના નેતૃત્વમાં નીકળ્યું, જેણે જનતાની માંગનું નિવેદન લોકસભા અને રાજસભાના અધ્યક્ષને આપ્યું. આમ જે.પી. જનતાના અજંપાના એક બુલંદ ઉદ્દ્ગાતા તરીકે બહાર આવ્યા. અને તેમણે લોકોની આકાંક્ષાઓનો પડઘો પાડ્યો.

જોકે આ તકનો લાભ લઈ દેશના વિરોધ પક્ષો કે જેમને કેવળ સત્તામાં જ રસ હતો તે જે.પી.ની આસપાસ આંટા મારવા લાગ્યા. અને ચૂંટણીમાં જનતાના નામે પોતે કે પોતાના પક્ષના ઉમેદવારને ટિકિટ મળે એવી પેરવીમાં પડી ગયા. દાદા ધર્માધિકારીજી જેવા જે.પી.ના પરમ મિત્રને કહેવું પડ્યું કે, ''જે.પી.નું આ આંદોલન છેવટે – છેવટે તો પક્ષના આંદોલનનું જ સંકીર્ણ રૂપ લેતું જતું હોય એવું લાગતું હતું.'' જે.પી. માટે પણ આ મૂંઝવણ હતી.

ત્યાં પરિસ્થિતિમાં અચાનક પલટો આવ્યો. ૧૨ જૂન, ૧૯૭૫. અલ્લાહાબાદ હાઈ કોર્ટે ઈન્દિરાજીને ચૂંટણીમાં ભ્રષ્ટાચાર આચરવા બદલ ગુનેગાર ઠેરવી એમની ચૂંટણી રદબાતલ જાહેર કરી.

જે.પી.એ કહ્યું : "ઇન્દિરાજીએ વડા પ્રધાનપદનું રાજીનામું આપી દેવું જોઈએ." પણ એમ કરવાને બદલે ઇન્દિરાજીએ તો ૨૬મી જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં – 'કટોકટી' જાહેર કરી દીધી. અને ૨૬મીએ વહેલી સવારે ૪ વાગ્યે જે.પી.ને અટકમાં લઈ લીધા. ત્યારે તેમના મોઢેથી નીકળી ગયું, "વિનાશકાળે વિપરીત બુદ્ધિ".

પણ જે.પી. બીમાર પડી જવાથી તેમને ચંડીગઢની હૉસ્પિટલમાં રાખવામાં આવેલા. તેમની ઉંમર અને તબિયત જોતાં તેમણે એકાદ જણને તેમની સાથે રહેવા દેવા અરજી કરી પણ તે માન્ય ન થઈ અને પૂરા સાડા ચાર મહિના તેમને એકાંતવાસની આકરી સજા કરી, જેથી તે ભારે ગૂંગળામણ અનુભવતા.

જે.પી.ના કયા ગુનાની આ સજા હતી ? જેમણે જીવનભર દેશ માટે મન અને કાયા ઘસી નાખ્યાં હતાં. ગુનો હતો તો એટલો જ ને કે તેમણે જનતાને જગાડવાનું અને તેની સર્વોપરીતા સિદ્ધ કરવાનું કામ કર્યું હતું !

પણ જે.પી. એમ હારી જાય એવી માટીના માનવી નહોતા. તેમણે ૨૧મી જુલાઈના રોજ ઇન્દિરાજીને લખ્યું કે જે પ્રજાએ બ્રિટિશ સામ્રાજ્યશાહી સામે લડી તેને નમાવી છે તે પ્રજા સરમુખત્યારશાહીનાં અનાદર, અપમાન અને હીણપત સદાકાળ સાંખી લેશે નહીં. માનવીનો આત્મા અજેય છે. ભલે તેને પાતાળમાં ચાંપો, એ મરવાનો નથી. એ કબરમાંથી પણ ફરી ફરીને ઊઠશે, સજીવન થશે.

જેલમાં એક વાર જે.પી.ના પેટમાં ભયંકર પીડા ઊપડી, જે દિવસો સુધી ચાલી. તે લખે છે : "મેં આવી પીડા જીવનમાં ક્યારે પણ અનુભવી નથી." ભૂખ મરી ગઈ. ખાવાનું જોઈ ઊબકા

આવે, બેશુદ્ધ થઈ જાય, ભારે ગભરામણ થાય, હૉસ્પિટલમાં પોલીસ પહેરા નીચે ખસેડ્યા. તો નિદાન થયું તેમની બંને કિડની ખલાસ છે.

લોકોને, દેશના નેતાઓને તો પાકો વહેમ ગંઠાઈ ગયો કે, જરૂર જે.પી.ની કિડની સાથે ખેલ ખેલાયો છે. બાકી જેલમાં જવા પૂર્વે જેમને કિડનીની કોઈ ફરિયાદ નહોતી, તેમની બંને કિડની એકસાથે અને આટલી જલદી કેવી રીતે ફેલ જાય ?

છેવટે એ બચશે જ નહીં એવી ખાતરી થઈ જતાં સરકારે તેમને મુક્ત કર્યા. જ્યાંથી તેમને મુંબઈ જશલોક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. દેશ આખાનો શ્વાસ અધ્ધર થઈ ગયો હતો. પાણ ડૉક્ટરોની સૂઝબૂઝ અને ભારે જહેમતને લઈ જે.પી. બચી ગયા. ત્યારે જે.પી.એ કહ્યું : ''આ તો ઈશ્વરની કૃપા છે. મને ખબર નથી કે હજુ એ મારી પાસેથી કયું કામ લેવા માગે છે ?'' પાણ આ બીમારીએ જે.પી.ને કાયમની ડાયાલિસિસની યાતનાથી જકડી લીધા. જોકે જે.પી. આવી યાતના છતાં કહેતા કે હજુ કટોકટી ઊઠી નથી, મારા હજારો સાથી જેલમાં છે અને હું બહાર છું તેથી શરમિંદો છું. આ બીમારી મારા માટે કેદ કરતાં પાણ વધુ લાચારી છે.

કટોકટી લાદીને ગુનેગાર ઈન્દિરાજીએ પોતે જ ઝટ ઝટ એવા ચૂંટાણીસુધારા કરી દીધા કે સર્વોચ્ચ અદાલતનો ચુકાદો એમની તરફેણમાં આવે, અને છેવટે થયું પણ તેમ જ. જોકે તેમણે તેમની ૨/૩ બહુમતીના જોરે કરેલો સુધારો – રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને સ્પીકરની ચૂંટણીને કોર્ટમાં પડકારી શકાય નહીં, એને સુપ્રીમે રદબાતલ ઠરાવી આવો સુધારો કરવા માટે સખત ટીકા પણ કરી.

વળી પાછો પરિસ્થિતિમાં આગધાર્યો પલટો આવ્યો. જાન્યુઆરી ૧૯૭૭માં ઇન્દિરાજીએ દેશમાં ચૂંટણી જાહેર કરી ત્યારે જે.પી.એ કહ્યું કે જો બધા જ વિરોધ પક્ષો એક થઈ ચૂંટણી નહીં લડે તો હું કોઈના માટે ચૂંટાણીપ્રચાર નહીં કરું. આની અસર થઈ અને 'જનતા મોરચો' બન્યો. ચૂંટાણી થઈ, ઇન્દિરાજી બૂરી રીતે હાર્યાં. જનતા મોરચો વિજયી થયો. લોકોએ કહ્યું, આનું શ્રેય જે.પી.ને જાય છે. પાગ આ નિરભિમાની આદમી તો એમ જ કહેતો રહ્યો કે, આનું શ્રેય જનતાને જ જાય છે; અને બીજું ગાંધીજીને જેમણે આપણને શાંતિમય ક્રાંતિનો માર્ગ શોધી આપ્યો છે.

જે.પી.એ કહ્યું : "મારું કામ પૂરું થયું. દેશ તાનાશાહીના ખતરામાંથી બચી ગયો."

નવી સરકારની કામગીરીને જે.પી. એક વર્ષ મૌન રહી જોતા રહ્યા. પણ તે પાગ પ્રજાની અને જે.પી.ની આકાંક્ષાઓ પૂરી કરવામાં ઊણી ઊતરી. અપેક્ષાઓ મુજબનાં પરિણામ ન આવતાં જે.પી. નિરાશ થઈ ગયા. તેમણે કહ્યું : 'બાગ ઉજડ ગયા.' ઇન્દિરાજીએ સાંસદોને આજીવન પેન્શન આપવાનો કરેલો કાયદો રદ કરવા જેવું કામ પણ આ સરકાર ન કરી શકી. તેમણે વડા પ્રધાન શ્રી મોરારજીભાઈને, જનતા પક્ષના પ્રમુખ શ્રી ચંદ્રશેખરને પત્રો લખ્યા પણ એથી શું વળે ? તેમને થતું હતું કે હું સાજો હોત તો દેશભરમાં ફરી લોકો દ્વારા અને મારી દ્વારા સરકારની નીતિઓ ઉપર પ્રભાવ પાડી શક્યો હોત. પણ હવે એ અસહાય હતા. સંપર્કના અભાવથી તે પોતાને પંગુ અનુભવતા હતા. અને 'બાગ ઉજડ ગયા'ની બેચેનીથી કણસતા હતા. સંપૂર્ણ ક્રાંતિની એક ઐતિહાસિકતા માત્ર સત્તાપલટો કરી અટકી ગઈ હતી.

સ્વરાજ્ય આવતાં તુરત જ ગાંધીજીએ કૉંગ્રેસનું 'લોકસેવક

સંઘ'માં રૂપાંતર કરવાની આપેલી સલાહ પાછળની આર્ષદષ્ટિ કૉંગ્રેસના સત્તાલોભી નેતાઓ નહોતા સમજી શક્યા, તેમ આ બીજી આઝાદી આવતાં ઠેર ઠેર 'લોકસમિતિ'ઓ રચી લોકો પોતાના અભિક્રમથી લોકશાહીને ચાલના આપે એવું જે આર્ષદર્શન જે.પી.એ આપેલું તેને સર્વોદય કાર્યકરો જ ઝીલી ન શક્યા, તો સત્તાપ્રેમી નવી સરકારના સદસ્યો તો ક્યાંથી ઝીલી શકે ?

છાત્રસંઘર્ષ વાહિનીના યુવાનો પણ એમનું પાણી ન બતાવી શક્યા. આનું કારણ જે.પી. પછી કોઈ સર્વસ્વીકૃત નવું નેતૃત્વ દેશ આગળ આવ્યું નહીં. નેતૃત્વની કમીને લઈ બીજી ક્રાંતિ પણ કાચી ને કાચી કજળાઈ ગઈ.

જીવનના છેલ્લા દિવસોમાં નવી સરકારની નીતિરીતિથી એ ઘણા દુ:ખી હતા. પણ હવે એમનાં શરીર-મનની મર્યાદા આવી ગઈ હતી. એટલે ધીરે ધીરે વિરક્તિભાવ ઘેરો થતો જતો હતો. આ ગાળામાં મૃત્યુનું ચિંતન ઘેરું થાય એ સ્વાભાવિક છે. મૃત્યુનું રવિબાબુએ ગાયેલું મોહકરૂપ પહેલાં તો તેમને કવિકલ્પના લાગતું પણ પછી એ કહેવા લાગ્યા કે, "ના, મૃત્યુ ભારે મોહક છે. એથી ડરવાની જરૂર નથી." ક્યારેક જાણે પોતે કોઈક બીજે સ્થળેથી આ પૃથ્વીને જોતા હોય એવો અનુભવ પણ એમને થતો.

અંતે તો વિરક્તિનું પર્યવસાન વિષાદમાં નહીં પણ સ્વસ્થતામાં પલટાઈ ગયું. એ ખૂબ શાંત થઈ ગયા હતા. જાણે અંદરથી ઊંડી શાંતિનો અનુભવ કરતા ન હોય ! તબિયત પણ સારી લાગતી હતી. પણ આ તો દીપક બુઝાવાનો હતો અને જાણે એનો છેલ્લો ઝબકારો બતાવી રહ્યો હતો.

૭મી ઑક્ટોબર, ૧૯૭૯. જે.પી.ને પેટમાં દુખાવો ઊપડ્યો. શ્વાસ લેતાં તકલીફ થવા લાગી. ઑક્સિજન આપ્યો. થોડી રાહત

થઈ. મળવા આવેલા જૂના મિત્ર અચ્યુત પટવર્ધનને કહે, મૃત્યુની રાહ જોઈ બેઠો છું. રાત્રે ૧૦ વાગે સૂતા, ૮મીએ સવારે પોણા પાંચ વાગે ઊઠ્યા, બાથરૂમ જઈ સૂઈ ગયા. ૬ વાગવામાં ૫-૭ મિનિટ બાકી હતી અને તેમનો અંગત સેવક ગુલાબ આવ્યો તો ચોંકી ઊઠ્યો. પંખી ઊડી ગયું હતું.

ખબર વીજળી વેગે પહોંચી ગઈ. લાખો લોકો ઊમટ્યા. અંજલિવર્ષા વરસી. એક મહાન આત્મા લોકાત્મામાં વિલીન થઈ ગયો.

## એક અવલોકન

જયપ્રકાશજીના જીવનનું અધ્યયન કરતાં કેટલીક બાબતો જે મને સ્પર્શી ગઈ તેની વાત કરવાનું મન થાય છે.

પહેલી ઓળખ તો એ થઈ કે આ એક 'સાચૂકલો ઇન્સાન' હતો. આંતરબાહ્ય એક. મનમાં એક અને વાણીમાં બીજું એવું નહીં. તદ્દન નિર્દંભ માનવ. ચહેરો જ અરીસા જેવો. જે અંદર ચાલતું હોય તે મોં ઉપર વંચાઈ જાય. પ્રેમ અને પ્રસન્નતા તો પરખાય પણ અકળામણ અને રોષ પણ દેખાઈ જાય. ચિત્તની સરળતા વિના આવું એકરૂપ વ્યક્તિત્વ ન નીખરે.

બીજી લાક્ષણિકતા દેખાઈ તે સર્વ માટે સમભાવ, મમભાવ. એમને મન કોઈ પરાયું નહોતું. બધાં જ એમને પોતીકાં લાગતાં. આ એમનું સંતત્વ હતું એમ નહીં, આ એમની સ્વાભાવિકતા હતી.

ગુલામીનો કાળ હતો એટલે હવામાં દેશપ્રેમ ભર્યો ભર્યો હતો. તે એમના જેવા સંવેદનશીલ વ્યક્તિને ન સ્પર્શે એવું તો કેમ બને ? એમનો દેશપ્રેમ ગુલામીની જંજીરોમાંથી દેશને મુક્ત કરવા કેવાં કેવાં

સાહસ કરાવે છે એની રોમાંચક કથાથી એમનું જીવન ભર્યું ભર્યું છે. પણ કાળ વીતતો ગયો તેમ તેમ એમનો દેશપ્રેમ પણ વિકસતો વિકસતો વિશ્વપ્રેમ સુધી પહોંચી ગયો. એ ભૌગોલિક સીમા ધરાવતા, 'ભારત'ને ચાહતા ચાહતા આખી ધરતીને, પૂરી પૃથ્વીને ચાહતા થઈ ગયા. માટી સાથેની એમની આવી મહોબ્બતનું મૂળ કોણ હતું ? માનવ, ઈન્સાન.

એમના જીવનનું જો કોઈ ચાલક બળ હતું તો તે હતો 'માનવપ્રેમ'. માનવ જ એમનો ઈશ્વર હતો. નાતજાત, કોમ-ધર્મ, વર્ણ-લિંગ કશા જ ભેદ વિનાનો નિર્ભેળ 'માનવ' એમનો આરાધ્ય દેવ હતો. એ માણસને ચાહતા, એની તમામ નબળાઈઓ સાથે, અધૂરપો સાથે. "ન માનુષાત્ શ્રેષ્ઠતરમ્ કિંચિત્" એમના જીવનનું ધ્રુવપદ હતું. એમને જેમ કશી જ લૌકિક ખેવના, પૈસો, પદ કે પ્રતિષ્ઠાની પડી નહોતી, તેમ કશી જ અલૌકિક ખેવના – સ્વર્ગ, મોક્ષ કે મુક્તિની પણ નહોતી.

એમની એક જ ખેવના હતી આ ધરતી પર માનવ, સામાન્ય માનવ સ્વમાનપૂર્વક, ગૌરવભેર જીવી શકે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું. આ હતી એમના જીવનની શોધ. આ શોધયાત્રામાં ભર યુવાનીમાં એમને માર્ક્સ મળી ગયો. માર્ક્સના વિચારોનું એમણે ઊંડું અધ્યયન કર્યું. એમને પકડાઈ ગયું કે ગરીબોનો કોઈ મસીહા હોય તો તે છે માર્ક્સ. આ ગરીબો જે શ્રમજીવીઓ છે તેમની સરમુખત્યારી સ્થાપીને જ ગરીબાઈનું ઉન્મૂલન થઈ શકે, આવા જહાલ વિચારો લઈને એ અમેરિકાથી ભારત આવ્યા.

પણ આ તો એમનું ઈન્ટેલેક્ચ્યુઅલ કન્વિક્શન હતું, બૌદ્ધિક પ્રતિબદ્ધતા. પણ એમનું હૃદય તો અત્યંત ઋજુ-સંવેદનશીલ. એમણે જોયું કે મારો ભારત તો અત્યારે મહાત્મા ગાંધીજીની

રાહબરી નીચે ગુલામીની જંજીરો તોડવા માટે મેદાને પડ્યો છે ત્યારે એમાણે ગરીબાઈ પહેલાં ગુલામી ફેડવાની વાતને પ્રાધાન્ય આપ્યું. આ દેશના સામ્યવાદીઓ તો માર્ક્સવાદના સિદ્ધાંતોની સુફિયાણી ચર્ચાઓમાં અટવાયેલા રહી, સ્વાતંત્ર્ય આંદોલનથી અળગા રહ્યા હતા. તેમનો સંગ એમાણે ન સેવ્યો અને ખુદ આઝાદીજંગમાં કૂદી પડ્યા.

ગાંધીજી કહેતા મારે ગુલામી અને ગરીબાઈ બંને સાથે સાથે ફેડવાં છે. અહિંસક સત્યાગ્રહ દ્વારા ગુલામી અને ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ગરીબાઈ ફેડવાનો રચનાત્મક કાર્યક્રમ તેમણે દેશને આપ્યો હતો.

પણ માર્ક્સવાદની અસર નીચે ઊછરેલા જે.પી. ગાંધીની આ બંને વાતની ઠેકડી ઉડાડતા. અહિંસાથી સ્વરાજ્ય આવે એ વાત એમના ગળે ઊતરતી નહોતી. દુનિયાની ક્રાંતિઓનો આ અભ્યાસી કહેતો, "ઇતિહાસમાં આવું ક્યાંય બન્યું નથી." એ જ રીતે રેંટિયો કાંતતાં ગાંધીજીનાં અંતેવાસી એવાં એમનાં પત્ની પ્રભાવતીજીની પણ મશ્કરી કરતાં કહેતા કે, યંત્રોની મદદ વિના માત્ર રેંટિયો કાંત્યા કરવાથી તે કાંઈ ગરીબાઈ દૂર થાય ? આમ, જે.પી. સ્વતંત્રતા માટે હિંસક ક્રાંતિ અને ગરીબાઈ ઉન્મૂલન માટે યંત્રોદ્યોગના હિમાયતી હતા, એટલે ગાંધીથી ફંટાઈને એમની રીતે એ સ્વતંત્રતા આંદોલનમાં કામ કરતા રહ્યા.

પણ આ માણસની વિશેષતા એ હતી કે એ લકીરના ફકીર નહોતા, એમાણે એમની બુદ્ધિ સામ્યવાદને ગીરવે આપી દીધી નહોતી. એ ખુલ્લા મનના સમાજવિજ્ઞાની હતા. એટલે દેશમાં જે બની રહ્યું હતું તેને તે ખૂબ સૂક્ષ્મતાથી અવલોકતા રહેતા. એમણે જોયું કે, ગાંધીજીને માર્ગે, અહિંસક માર્ગે સ્વરાજ્ય આવ્યું. આ

ઘટનાની એમના ચિત્ત પર ઘેરી અસર થઈ એટલે અહિંસામાં, શાંતિમય સાધનોમાં, એમનો વિશ્વાસ ઊભો થયો. આ હતું એમનું ખુલ્લાપણું.

એવી જ બીજી વાત ગરીબાઈ ઉન્મૂલનની. સ્વરાજ્ય આવતાં મજૂર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સમાજવાદી સાથીઓ સાથે મજૂરોના હક માટે આંદોલનો, હડતાળોના માર્ગ પાછળ એમની શક્તિ ખરચાઈ રહી હતી. પણ એનાથી મજૂરોનાં જીવન ઊંચાં આવતાં ન હતાં. તો બીજી બાજુ લાખો ગામડાંમાંના ગરીબો, ખેતમજૂરોનું ભાવિ શું એની એમને વિમાસણ થતી હતી.

ત્યાં ગાંધીને માર્ગે ભૂદાન અને ગ્રામદાન આંદોલન ચલાવી રહેલા વિનોબાજીના પ્રયોગને નજરે નિહાળતાં એમાં એમને માત્ર આશાનું કિરણ જ નહીં પણ સૂર્યોદય જેવો પ્રકાશ દેખાયો.

જેમ જેમ એ વિનોબાને સેવતા ગયા તેમ તેમ તેમની બૌદ્ધિક ગૂંચવણ ઊકલતી ગઈ. અને એક દિવસ એવો આવ્યો કે આ સાચૂકલા માનવીએ પોતાનું અધ્યયન, અનુભવ, કુરબાની, સેવા – આ બધાં જાળાંને એક જ ઝાટકે ઝાપટી નાખી જાહેર કર્યું : ''આજે મારા બધા જ સંશયો સરી ગયા છે. અને હું વિનોબાજીના શિષ્ય તરીકે મારી જાતને જાહેર કરતાં જરા પણ સંકોચ અનુભવતો નથી.'' એટલું જ નહીં, એમણે વિનોબાના ગ્રામસ્વરાજના કામ માટે પોતાનું 'જીવનદાન' જાહેર કર્યું.

જે.પી. જેવો મોટા ગજાનો માનવી જ આવું સાહસ કરી શકે. નમ્રતામાં જે.પી.નો જોટો જડે એવો નથી.

સામાન્ય માનવી પોતાનું સ્વમાન સાચવી, ગૌરવભેર પોતાના પગ પર કેમ કરી ઊભો રહે એની એમની શોધ એમને હિંસાથી અહિંસા અને યંત્રોદ્યોગથી ગ્રામોદ્યોગમૂલક ગ્રામસ્વરાજ સુધી લઈ

આવી. આ બધી યાત્રા માત્ર વૈચારિક યાત્રા જ નહોતી. જે.પી.ની એ ખાસિયત કે જે સમજાય તેમાં આખા ને આખા ઓગળી જાય. જેમ ગુલામી નાબૂદીના જંગમાં માથે કફન બાંધીને નીકળેલા તેમ પ્રૌઢ વયે યુવાનને પણ શરમાવે એવા જુસ્સાથી ગ્રામદાન ગ્રામસ્વરાજ્યના કામમાં, બિહારનાં અંતરિયાળ પછાત ગામડાંઓમાં જઈ દટાયેલા. પણ દાટેલો હીરો કાયમ ધૂળમાં જ ધરબાયેલો થોડો રહે ?

જેમ એમના અંતરના તાર ગરીબ ગામડિયા સાથે જોડાયેલા હતા તેમ એ જ તાર વિશ્વના કોઈ ખૂણે ચીસ પડે તોપણ ઝણઝણી ઊઠે એટલા સંવેદનશીલ હતા. એટલે બાંગ્લાદેશની ચીસ એમને સંભળાઈ ને એ બહાર આવી ગયા. વિશ્વ આખામાં ઘૂમીને એમણે સ્વાતંત્ર્ય ઝંખતા બાંગ્લાદેશીઓની વકીલાત મજબૂત રીતે કરી, દુનિયાભરની સહાનુભૂતિ ઊભી કરી આપી.

જે.પી.ના જીવનનું અંતિમ પર્વ એમના જીવનના ગૌરીશંકર શિખર સમું દેદીપ્યમાન છે.

એ ભલે ગાંધી-વિનોબા જેવા આર્ષદ્રષ્ટા નહોતા પણ એ દીર્ઘદ્રષ્ટા પુરુષ તો જરૂર હતા. એમને વર્તાઈ ગયું હતું કે, અનેક સ્વાતંત્ર્યવીરો અને મહાત્મા ગાંધી જેવા અનન્ય પુરુષના પ્રતાપે મળેલી આઝાદીને કારણે ભારતમાં સ્થપાયેલી લોકશાહી કેન્દ્રિત સરમુખત્યારી ભણી ઝડપભેર ધસી જઈ રહી છે ત્યારે આ બુઢ્ઢાને ફરી જવાની ફૂટી. ગુરુતુલ્ય વિનોબાજીને પ્રાંજલતાથી પ્રણામ કરી, સાદર-સવિનય અળગા પડી, ભારતની આઝાદીના રક્ષણ માટે, લોકશાહીને જીવંત રાખવા માટે એકલે હાથે મેદાનમાં આવી ગયા, સીધા લોકો વચ્ચે, યુવાનો વચ્ચે પહોંચી ગયા. અને આપણે જોયું કે એક ચમત્કાર થયો. કટોકટીને પાર કરી આપણે બીજી આઝાદી

I. I. A. S. LIBRARY

Acc. No.

This bcok was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

४०

સંપૂર્ણ ક્રાંતિ અબ નારા હૈ,
ભાવિ ઈતિહાસ હમારા હૈ.

* * *

હમલા ચાહે જૈસા હોગા,
હાથ હમારા નહીં ઉઠેગા.

* * *

સિંહાસન ખાલી કરો,
કિ જનતા આતી હૈ.

* * *

જયપ્રકાશ કા બિગુલ બજા તો,
જાગ ઊઠી તરુણાઈ હૈ;
તિલક લગાને તુમ્હે જવાનો,
ક્રાંતિ દ્વાર પર આયી હૈ.

# ક્રાંતિનો વીંછુડો

આ ક્રાંતિનો વીંછુડો તો હું હાઈસ્કૂલમાં ભણતો, તે દહાડાનો મને ડંખેલો. એ વખતે તેનું નામ હતું રાષ્ટ્રીય ક્રાંતિ, રાષ્ટ્રીય સ્વતંત્રતા. સ્વતંત્રતા મારા જીવનનો એક આકાશદીપ બની, અને જે છેવટ સુધી તેવી જ રહી. સમયના વીતવા સાથે એ સ્વતંત્રતાનો અર્થ માત્ર પોતાના દેશની આઝાદી એટલો જ ન રહ્યો, પણ તેનાથી આગળ વધીને માનવમાત્રની સર્વ પ્રકારનાં બંધનોમાંથી મુક્તિ, એવો થઈ ગયો. બલ્કે તેનાથીયે આગળ વધીને માનવીય વ્યક્તિત્વની સ્વતંત્રતા, વિચારની સ્વતંત્રતા, આત્માની સ્વતંત્રતા એવો અર્થ તેણે ગ્રહણ કરી લીધો. આ સ્વતંત્રતા મારા જીવનની એક નિષ્ઠા બની ગઈ અને સત્તા ખાતર, સલામતી રાજ્યનાં માન-મોભા ખાત વસ્તુ ખાતર તેની સાથે કશ નહોતો.

– જયપ્રકાશ નારાયણ

Library IIAS, Shimla
GJ 891.478 R 198 E
00130418

SABARMATI ASHRAM
000669 Ahmedabad
EK NAM JAYPRAKASH
GUJ
MRP : Rs . 10